॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત


# હરિઃૐ ગુંજન


HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 2 • Issue : 1 • 5th July, 2019 • Price : Rs. 10




"ચરણનો આશરો જબ્બર મળ્યો જીવન વિશે જેને,
બધી રીતે જ નિશ્ચિંત, પૂરેપૂરો રહે છે તે !"

# ગુરુ, સૂક્ષ્મ-ભાવરૂપે

(અનુષ્ટુપ)

**ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ-ભાવ છે,**
**ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.**
**ગુરુ પ્રત્યક્ષ છો ના હો, ગુરુની ભાવના હૃદે-**
**દૃઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે.**

**(દોહરા)**

**'ગુરુ' 'ગુરુ' તે શું કરો, ખાલી ના તે શબ્દ,**
**ગુરુ તો શક્તિભાવનો દેહપણે છે વ્યક્ત.**
**ગુરુ ના માટી-પિંડ છે, માત્ર ન તે છે દેહ,**
**ગુરુ અંતર જેને રમે પામે પદારથ તેહ.**
**ગુરુ તો ચેતન-ભાવ ને શક્તિ કેરો પિંડ,**
**કર્મ વિષે મન ધારણા એ હો નિત્ય અખંડ.**

('જીવનપરાગ' પાંચમી આવૃત્તિ, પૃ. ૨૮૪)






હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત
# હરિઃૐ ગુંજન
**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**
વર્ષ-૨, અંક-૧ જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૯

## સુમેળ પ્રગટાવો

આપણી સાથે જે જીવો રહેતા હોય તેમની વચ્ચેનો વિરોધ આપણાથી શમી શકે તો તે ઘણું ઉત્તમ. જે જે જીવોની સાથે આપણે રહેતાં હોઈએ તે તે બધાંની વચ્ચે પ્રેમભાવનાપૂર્વકનો સુમેળ પ્રગટે એવું આપણું જીવતુંજાગતું વલણ તે તરફનું હોવું ઘટે. એના કેવી રીતે અખતરા કરવા તે પરત્વેના ઝાઝા વિચાર કર્યા વિના આપણને આપોઆપ તે જ્યારે સૂઝે અને તે પ્રત્યક્ષ અમલમાં મુકાય તો તે વિશેષ ઉત્તમ; પ્રત્યેક જીવમાં અહમ્ રહેલું છે ને પરસ્પરનાં વલણોને ને વર્તનને લીધે પરસ્પરનું અહમ્ ઘવાતું હોય છે. તેથી કરીને પરસ્પરમાં વિરોધ જાગતો હોય છે. જે જીવાત્માનું અહમ્ ઓગળી ગયેલું છે તેને ક્યાંય વિરોધ નથી થતો, બલકે હોતો જ નથી. એટલે તને જે સૂઝ્યું છે તે તો ઉત્તમ છે. તારી જે સમજણ છે તે તો ઉત્તમ છે પણ પ્રત્યક્ષ વર્તનવહેવાર-સંબંધમાં અને તે તે પળે તે પ્રકારની ભાવના તને હૃદયમાં પ્રકટ્યાં કરે ને તે પ્રમાણે વર્તાયાં જવાય તો વળી વિશેષ ઉત્તમ.

### નમ્રતા અને જાગૃતિ

"નમ્રમાં નમ્ર થઈને વીર પરાક્રમીનું જીવન જીવવું. જ્ઞાનના અનુભવ વડે કરીને જે નમ્રતા પ્રગટે છે તે નમ્રતા કંઈ નમાલી હોતી નથી. એવી અનુભવમાંથી પ્રગટેલી નમ્રતા એ તો જ્ઞાનના વક્તવ્યનું એક પાસું છે."

"મનમાં કોઈના વિષે ભૂલેચૂકે પણ અંટસ બંધાઈ ન જાય તેની ખૂબ કાળજી રાખવી. કંઈ કશા વિષે અંટસ બંધાઈ ગયો હોય તો તે નિર્મૂળ કરી દેવો."

*('જીવનપ્રવેશ' ત્રીજી આવૃત્તિ, પૃ. ૫૪-૫૫,૫૯)* *પૂ. શ્રીમોટા*

• વેબસાઈટ-ઈ-મેઈલ •
www.hariomashram.org
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક/ડી.ડી./ઈ-બેંકિંગ મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.
૨. હરિઃૐ આશ્રમ, પો.બો.નં. ૭૪, નડિયાદ, પીન કોડ : ૩૮૭૦૦૧. મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**• પ્રકાશન સ્થળ •**
૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

# હરિઃૐ ગુંજન

**જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૯**

**માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી**
**નડિયાદ.**

- **૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

## સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

## ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ગુરુપૂર્ણિમા : પૂ. શ્રીમોટા સાથે સત્સંગ-વાર્તાલાપ | કાર્તિકેય અ. ભટ્ટ | ૫ |
| ૨. | સદ્‌ગુરુ પાસે જવું એટલે શું ? | શ્રીમોટા | ૭ |
| ૩. | સદ્‌ગુરુનો તાદાત્મ્યભાવ | શ્રીમોટા | ૯ |
| ૪. | પ્રેમભાવ જ સદ્‌ગુરુ | શ્રીમોટા | ૧૧ |
| ૫. | સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ દર્શન | શ્રીમોટા | ૧૩ |
| ૬. | સદ્‌ગુરુ | શ્રીમોટા | ૧૫ |
| ૭. | સદ્‌ગુરુનો ઉપયોગ | શ્રીમોટા | ૧૬ |
| ૮. | સદ્‌ગુરુની તાલાવેલી | શ્રીમોટા | ૧૭ |
| ૯. | સદ્‌ગુરુનું કાર્ય | શ્રીમોટા | ૧૮ |
| ૧૦. | સદ્‌ગુરુનું ઉદ્‌બોધન | શ્રીમોટા | ૧૯ |
| ૧૧. | સદ્‌ગુરુનું કાર્ય અને સ્વજનોનો ધર્મ | શ્રીમોટા | ૧૯ |
| ૧૨. | ગુરુની પ્રસન્નતાની પ્રસાદી | શ્રીમોટા | ૨૦ |
| ૧૩. | સદ્‌ગુરુની સહન મર્યાદા | શ્રીમોટા | ૨૧ |
| ૧૪. | સદ્‌ગુરુએ ધોધ વાળ્યો | શ્રીમોટા | ૨૨ |
| ૧૫. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |


## ગુરુપૂર્ણિમા

તા. ૧૫-૭-૨૦૧૯ ને સોમવારે ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે રાત્રિના ૮-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી હરિઃૐ ધૂન-નામસ્મરણ હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે કરવામાં આવશે.
તા. ૧૬-૭-૨૦૧૯ મંગળવાર હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે ગુરુપૂર્ણિમા પર્વ પણ ઉજવવામાં આવશે. સર્વે સ્વજનોને પધારવા હાર્દિક આમંત્રણ. જેનો વિગતવાર કાર્યક્રમ ટાઇટલ-૩ ઉપર દર્શાવેલ છે.

## પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન

તા. ૨૩-૭-૨૦૧૯ ને મંગળવાર પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ દિન નિમિત્તે એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસ, **હરિસ્મૃતિ, ફાજલપુર, વડોદરા** મુકામે તા. ૨૨-૭-૨૦૧૯ ને સોમવાર રાત્રિના ૮-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી નરોડા, અમદાવાદના સ્વજનો દ્વારા હરિઃૐ ધૂન, નામસ્મરણ, પ્રાર્થના કરવામાં આવશે. સર્વે સ્વજનોને પધારવા હાર્દિક આમંત્રણ.

## ૧. ગુરુપૂર્ણિમા : પૂ. શ્રીમોટા સાથે સત્સંગ-વાર્તાલાપ

- કાર્તિકેય અ. ભટ્ટ

- **પોતે આંતરિક રીતે સમૃદ્ધ હોવાથી જે પોતાને માટે કશુંય માગતો નથી.**
- **જે સમાજના સકંજામાં આવેલો ન હોય.**
- **જે સત્તાના રાજકારણની રમત ન રમતો હોય.**
- **પોતાની જે અનંત શક્તિ છે, તેની તેણે પોતે પહેચાન કરેલી હોય અને તેથી એ એવું જ્ઞાન આપવા સક્ષમ હોય, જે અન્યને પોતાના પ્રકાશને પામવાના સાધનો શોધવામાં મદદરૂપ થતો હોય.**

જે. કૃષ્ણમૂર્તિએ શિક્ષકના ઉપરોક્ત લક્ષણો વર્ણવ્યાં હતાં. પોતાની પૂર્વાવસ્થામાં શિક્ષક તરીકે રહી ચૂકેલા પૂજ્ય શ્રીમોટાએ શિક્ષકનાં ઉપરોક્ત લક્ષણો ચરિતાર્થ કરી બતાવ્યાં હતાં. આથી જ તેઓ તેમના ભક્તોના હૃદયમાં ગુરુ તરીકેનું સ્થાન પામ્યા હતા. આમ, પૂજ્ય શ્રીમોટા શિક્ષક ઉપરાંત ગુરુ પણ હતા. વખતોવખત પૂજ્ય શ્રીમોટાના સત્સંગીઓએ જુદાજુદા સમયે જિજ્ઞાસાપૂર્વક ગુરુવર્ય શ્રીમોટાને ગુરુ વિશે પ્રશ્નો પૂછ્યાં હતાં. ગુરુપૂર્ણિમા નિમિત્તે શ્રીમોટાની અનન્ય કૃપાથી, અત્રે સંકલિત રૂપમાં પ્રશ્નો અને તેનાં ઉત્તર રજૂ કરવાનો પ્રયાસ થયો છે.

**જિજ્ઞાસુ :** ગુરુ એમને એમ મળી જાય ખરા ?

**શ્રીમોટા :** જિજ્ઞાસા સેવો તો ગુરુ મળી જાય પણ જિજ્ઞાસા સામાન્ય પ્રકારની ન હોવી ઘટે. તે તો ગતિશીલ, કર્મશીલ અને સર્જનશીલ હોવી ઘટે. અને ગુરુથી લાભ ક્યારે થાય ? જ્યારે એમનામાં હળી, મળી, ભળીને ગળી જાઓ ત્યારે.

**જિજ્ઞાસુ :** ગુરુ પ્રારબ્ધ-વશાત્ મળતા હશે કે અકસ્માતે ?

**શ્રીમોટા :** કર્મપ્રારબ્ધના સંજોગો અને ઈશ્વરની કૃપાથી ગુરુ મળતા હોય છે. એમાં અકસ્માતને સ્થાન નથી. એકવાર ગુરુ કર્યા પછી સાધકનું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ગુરુ તેને છોડતા નથી.

**જિજ્ઞાસુ :** ગુરુના સ્થૂળ સંપર્કની આવશ્યકતા ખરી ?

**શ્રીમોટા :** ગુરુ સાથે હૃદયનું અનુસંધાન થઈ જતાં સ્થૂળ સંપર્કની આવશ્યકતા રહેતી નથી. જે ગુરુને સ્થૂળરૂપમાં જુએ છે તે સાચો સાધક નથી.

**જિજ્ઞાસુ :** ગુરુ કરવાની જરૂર ખરી ?

**શ્રીમોટા :** ગુરુ તો તમારી અંદર બેઠેલો છે. વેદાંતની રીતે કહીએ તો ગુરુ શોધવા જવાની જરૂર નથી. ખરી જિજ્ઞાસા જાગી હશે તો બધા ખુલાસા આપોઆપ થઈ જશે અને રસ્તો દેખાડશે. અભ્યાસ કરો, મહાવરો પાડો.

**જિજ્ઞાસુ :** ગુરુ મુશ્કેલીમાં સૂક્ષ્મપણે મદદ કરી શકે ખરાં ?

**શ્રીમોટા :** સ્વાતંત્ર્ય લડત વખતે હું જ્યારે જેલવાસમાં હતો ત્યારે જેલમાં ઘણું દળવાનું આવે. અમુક કલાકમાં અમુક વજન જેટલું દળી નાખવું જ જોઈએ. નહીં તો વધુ શિક્ષા થાય. વળી ઊભા ઊભા દળવાનું. હાથમાં ફોલ્લા પડી જાય અને ઘંટીનો દાંડો પકડાય નહીં, એવી સ્થિતિ થઈ જાય ત્યારે હું મારા ગુરુમહારાજને પ્રાર્થના કરતો કે ‘શક્તિ આપો કે જેથી કામ પૂરું થઈ શકે’ અને થાય પણ તેમજ. જોતજોતામાં બધું જ એવા હાથે દળાઈ જાય.

**જિજ્ઞાસુ :** ઈશ્વરને બદલે ગુરુનું સ્મરણ કરીએ તો ચાલે ?

**શ્રીમોટા :** જો સદ્‌ગુરુને પ્રભુના પ્રતિનિધિરૂપે આપણે માન્યા હોય અને તેનામાં પ્રભુના ભાવ દઢાવવાનું કરી શક્યા હોઈએ તો પ્રભુને બદલે ગુરુનું સ્મરણ ચાલે. તેટલું જ નહીં પણ તે વધુ સુલભ અને સરળ પણ છે. પ્રભુના સ્થૂળ આવિર્ભાવરૂપે ગુરુને મન-હૃદયે સ્વીકાર્યા હોવા ઘટે.

**જિજ્ઞાસુ :** ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કેમ કહ્યા હશે ?

**શ્રીમોટા :** ભગવાન નિરાકાર છે, પણ સાધકને ભાવના વડે ચીટકાડી રાખવા માટે, ભાવના કેળવવા માટે ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે સરખાવવામાં આવ્યા, પણ સમજવા માટે એટલું ધ્યાનમાં રાખીએ કે ગુરુ કહો, પરમભક્ત કહો કે પરમ અનુભવી કહો તે કોઈપણ ભગવાનની તોલે નહીં આવી શકે. ચેતનનિષ્ઠ દેહધારી એટલે તેને પ્રારબ્ધ ખરું જ, પણ કેવું બળેલી દોર તેના વળ જેવું. ભગવાનને પ્રારબ્ધ નથી, નિમિત્ત નથી. દેહધારી પરમવેત્તાને એ ખરું. રૂપક આપી સમજાવી શકાય. સમુદ્રનું લોટામાં ભરેલું પાણી અને સમુદ્ર એ બંને ગુણધર્મોમાં સરખા છતાં વિસ્તારમાં અનંતશક્તિમાં એકસરખાં નથી. તેવી રીતે ચેતનાનિષ્ઠ અને ભગવાન વચ્ચે ફરક છે.

**જિજ્ઞાસુ :** કોઈ સાધક નીચલા થરનો હોય તો સદ્‌ગુરુ શું કરે ?

**શ્રીમોટા :** અનેક જાતની મથામણો સાધકના જીવનમાં ઉદ્‌ભવાવીને તેને ઊંચે લાવ્યા વિના સદ્‌ગુરુ રહેતો નથી. સાધકને તેનું સ્પષ્ટ ભાન જાગે એવું કરવામાં તે કશુંયે બાકી રાખતો નથી. તેની ધીરજ અપાર છે. નિમ્ન પ્રકૃતિવાળા ભક્તોના કે જીવોના કિસ્સામાંથી જીવોમાં પેલો સદ્‌ગુરુનો સંકલ્પ વારે વારે અથડાઈને પાછો ફરતો હોય છે. એવી અનેકવારની પ્રક્રિયાને કારણે પેલા ચેતનનિષ્ઠ સાથે પેલા જીવપ્રકારના શરીરવાળા જીવને સંબંધ કાયમ થઈ જતો હોય છે. તેથી પેલા જીવને ભલેને કેટલાય જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનનિષ્ઠ દ્વારા પેલાના શરીરમાં મનાદિમાં પડેલા સંકલ્પ (જુદાં જુદાં હયાત શરીરો દરમિયાન પણ) ઝબકારા મારતો હોય છે. અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી લઈ ગયા વિના તે સંકલ્પ રહેતો નથી.

**જિજ્ઞાસુ :** સદ્‌ગુરુને તેમનો ભક્ત છોડી દે તો સદ્‌ગુરુ પણ એને છોડી દે ?

**શ્રીમોટા :** ના, ભૂત વળગે તો કાઢી શકાય, પણ જે કોઈ ચેતનામાં પ્રગટેલા છે એવા આત્માઓને ખરેખર વળગેલા હોય અને પ્રકૃતિવશાત્ એવા આત્માથી દૂર રહેતા હોય તો પણ પેલો આત્મા સદ્‌ગુરુ તેને છોડી શકતો નથી.

**જિજ્ઞાસુ :** સંતપુરુષ (ગુરુ) જે જીવનો કૃપાપૂર્વક હાથ ઝાલે છે તે જીવ તેની ઘણી અનિચ્છા હોવા છતાં કોઈ વિચિત્ર સંસ્કારોને વશવર્તી અઘટિત વિચાર કે વર્તન કરે તો ગુરુ (સંતપુરુષ) તેને છોડી દે ? અથવા અસહ્ય શિક્ષા કરે એવું બને ખરું ?

**શ્રીમોટા :** આમાનું કશું જ ન કરે કારણ કે એ સમજે છે કે આ એની પ્રકૃતિ છે. આ સંસ્કાર છે. એટલે આ આ રીતે જ વર્તે. બાળક ગમે ત્યાં હગી દે છે, તો આપણે એને મારીએ છીએ ? એવી રીતે સંતપુરુષો ન તો એને છોડી દે ન તો કોઈ શિક્ષા કરે.

**જિજ્ઞાસુ :** ગુરુપૂર્ણિમાની ઊજવણીની શરૂઆત ક્યારથી થઈ અને શા હેતુથી થઈ ? એને ઊજવવી કેવી રીતે ?

**શ્રીમોટા :** વેદકાળમાં ગુરુપ્રથા ન હતી ત્યારે ઋષિઓ હતા, ગુરુકુળો હતાં, શિષ્યો ભણવાને ત્યાં જતા, પણ ભાવનાઓનું જેમ જેમ પતન થતું ગયું તેમ તેમ ભાવનાનું વહન સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું ગયું. તે ભાવનાને કૂણી કૂણી રાખવા મૂર્તિપૂજા (ગુરુપૂજા) સ્થપાતી ગઈ. ગુરુપૂર્ણિમાનો દિવસ સતત ભાવનાપૂર્વક સ્મરણમાં પસાર થાય તેમ ઊજવવાનો હોય. એમાં મૂર્તિપૂજાને સ્થાન નથી. ભાવનાને સ્થાન છે, જેવો ભાવ તેવી વૃત્તિ પ્રવર્તે.

મોટાચરણેના રચયિતા, શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રીમોટાને કેન્દ્રસ્થાને રાખીને લખે છે, ''દરેક સાધકની પ્રકૃતિને યથાર્થ સ્વરૂપે જાણી તદ્‌નુસાર માર્ગદર્શન આપવાની આધ્યાત્મિક ક્ષેત્રના સદ્‌ગુરુની શિક્ષણકળા અન્ય સર્વ ક્ષેત્રોના શિક્ષકોની શિક્ષણકળા કરતાં ક્યાંય ચડિયાતી છે. ગુરુ કોઈને પણ પરાધીન રાખવા ઈચ્છતો નથી, પણ પોતાના જેવો ચેતનાશક્તિ સંપન્ન બનાવવા ઈચ્છે છે.''

●

જે કામ કરવાનું માથે લીધું હોય, તે કર્મ કર્યા વિના તો પૂરું થાય કેવી રીતે ? એને મૂકી દીધે પાલવતું નથી, તે તો કરવું જ પડે. સંસાર-વહેવારમાં લીધેલું કામ તો દરેકને કરવું પડે છે, છૂટકે કે ન છૂટકે. તેવી જ રીતે સાધનાનું છે. કોઈકનું કંઈ કામ આપણે હોય, તો તેની કને જવું પડે છે. તે કંઈ આપણી કને નથી આવતું. તેવી રીતે, સાધનામાં જેની સહાનુભૂતિ, હૂંફ, ઓથ, કૃપામદદ, પ્રેરણા વગેરે જો મેળવવાનાં હોય તો જીવે તેની કને જવાનું હોય, તેના જીવનના મૂળ ભાવને અનુરૂપ થવાનું હોય. તેનામાં સદ્‌ભાવે આદર-પ્રેમભાવથી ગળાઈ જઈને મનાદિ કરણોને એકાકાર બનાવવાનાં હોય. આપણે જો તેવા થવાનું દિલ હોય તો તે રીતે, તે ભાવે ને તે સ્વરૂપે, તેની કને જવાનું હોય. **'જવું' એટલે સ્થૂળ રીતે તેની કને જવું એટલો ને એવો અર્થ તેનો નથી થતો.** જે કરવું છે તે કરવાનાં ખાલી ખાલી ઉપરચોટિયા વિચાર રહે તે તો મુદ્દલે ખપતું નથી. જે કરવું છે તે તો કરતાં રહીએ, ને તે પણ અંતરમાં તે શેને કાજે છે તે હેતુ પ્રીછીએ. તે તે બધું જીવનની ભાવનાના વિકાસ કાજે છે એવું જ્ઞાનભાન પ્રત્યક્ષ તે તે પળે શ્રીપ્રભુકૃપાથી જીવતું રાખવાને મથ્યાં કરીએ.

**સદ્‌ગુરુની સહાય છે જ**

જીવનમાં સદ્‌ગુરુનું સ્થાન શેને માટે છે, કેવા પ્રકારનું છે ને કેટલા પ્રમાણનું છે, તેનું પણ યોગ્ય પ્રકારનું જ્ઞાન સાધકના જીવનમાં પ્રગટી જવું જોઈશે. સંસારવહેવારમાં જે બાબતમાં આપણને સમજણ નથી હોતી તે વિશેની સમજણ આપણે બીજા કનેથી અનુભવીએ છીએ. સંસારવહેવારમાં એકબીજાની મદદ આપણને મળ્યાં કરે છે તે પણ આપણી સમજણનો વિષય છે. તેવી જ રીતે જે આત્મામાં ચેતન જાગેલું છે એવા સદ્‌ગુરુની મદદ સાધકને મળે છે તે પણ નિશ્ચિત હકીકત છે. એવા અનુભવો અનેક સાધકને થયેલા છે. તેમાંનો આ જીવ પણ એક છે. ''કેશવચરણકમળે'' તેનો પ્રત્યક્ષ પુરાવો છે. ''હૃદયપોકાર'' પણ એ જ પ્રકારની હકીકત છે.

**પ્રાર્થનાની ગરજ જગાડો**

હૃદય વિકસેલું હોય અને પ્રાર્થનામાં અત્યંત આર્દ્ર ને આર્તભાવ પ્રકટેલો હોય ત્યારે તેવા પ્રકારની પ્રાર્થનામાં આપણું હૃદય ભળેલું હોય છે તે વાત પણ સાચી છે. જેમ સંસારવહેવારમાં ગરજ લાગ્યા વિના કોઈને આપણે બોલાવતા નથી, તેવી રીતે **પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈશે. તે વિના પ્રાર્થનાના ભાવમાં સાચો ઉઠાવ પ્રકટી શકતો નથી.** પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. જે આપણને આપણા પુરુષાર્થથી બનવાને કાજે ઘણો કાળ લાગે અને કોઈક વાર તો તે અશક્ય જેવું પણ લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતું ઘણાઓએ અનુભવેલું છે. મહાત્મા ગાંધીજી પ્રાર્થનાની શક્તિમાં ઘણું માનતા, અને જીવનની કટોકટીની પળોમાં પ્રાર્થનાનો આશ્રય પણ લેતા. મહત્પુરુષોનાં જીવનચરિત્રોથી આપણે જો ન શીખી શકીએ તો પછી બીજા શેનાથી શીખી શકવાનાં ?

રોગ મટાડવો હોય, વૈદ્યની કને દવા લેવા ગયાં હોઈએ, વૈદ્ય દવા તો આપે, સાથે સાથે ચરી પણ પાળવાનું કહે, તો તો તે તે ચરી પાળવાનું દર્દી કરે જ છે; કારણ કે તે જાણતો હોય છે કે જો ચરી નહિ પાળીએ તો પછી દવાની અસર ન થાય ને રોગ મટે નહિ, એટલે રોગ મટાડવાની જે ઉત્કટ ઝંખના જાગે છે, તેને અંગે કરીને તેવા તેવા જીવથી ચરી પાળી શકવાનું બને છે. તેવી રીતે જો આપણને જીવનની ખરેખરી પડી હોય, તે પરત્વેની હૃદયમાં ઉત્કટ ઝંખના જાગી જાય, તો તો જે જે જેમ જેમ બતાવાનું બન્યું હોય તેમ તેમ વર્તવાનું જરૂર બની શકે. માટે આપણે તો વારંવાર દરરોજના વર્તન-વહેવારમાં ને કર્મના આચરણમાં જીવનની સમજણ જીવતીજાગતી રહી શકે, તેવા પ્રેમભક્તિભાવપૂર્વકના જાગૃતિયુક્ત

પ્રયત્નમાં રહ્યાં કરવાનો અભ્યાસ કેળવ્યાં કરવાનો છે.

## ગુરુપૂર્ણિમા

તા. ૭-૭-૫૨ને સોમવારે અષાઢ સુદ પૂનમને રોજ ગુરુપૂર્ણિમા છે. તો તે દિવસે હાલતાંચાલતાં, ખાતાંપીતાં, ઊઠતાંબેસતાં, સકળ કર્મ કરતાં કરતાં નામસ્મરણની ભાવના અખંડ રહે તેવા જીવતાજાગતા પ્રયત્નમાં શ્રીપ્રભુકૃપાથી રહ્યાં કરવું. **જેને સદ્‌ગુરુ માન્યા હોય તેના માટીના ખોળિયાને નહિ, પણ તેના આધારના ચેતનને આપણે હૃદયમાં સ્વીકારીને, તેના પરત્વેનાં પ્રેમભક્તિ ને જ્ઞાનમાં પ્રવેશીને તેની સાથેનું ભાવનું સાતત્ય હૃદયમાં જળવાઈ રહે એવી રીતે સભાન રહ્યાં કરવાનું છે. સદ્‌ગુરુનો ભાવ એક પળવાર પણ વિખૂટો ન પડે તેવો પ્રયત્ન તે દિવસનો આપણો હોય તો તે યથાર્થ છે. સદ્‌ગુરુ પણ સાધન છે, સાધ્ય નથી,** તેનું પૂરેપૂરું જ્ઞાનભાન સાથે સાથે રાખતા રહેવું. સદ્‌ગુરુ તો નદી પાર કરવાને કાજે હોડીરૂપ કે માળ પર ચઢવાને કાજે નિસરણીરૂપ છે. એટલે તે દિવસે જીવનવિકાસાર્થે મળેલાં બધાંય સ્વજનોને હૃદયમાં રાખીને જ ફર્યાં કરવાનો. માટે તે દિવસે પૂરેપૂરી જાગૃતિ રાખજે. તે દિવસે સંસારમાં ગમે તેટલું કામ મળે તો તે આનંદપૂર્વક સદ્‌ગુરુનું સોંપાયેલું છે એમ સમજીને આનંદથી કરવાનું હોય. ગમે તેમ થાય, તેમ છતાં હૃદયની ભાવના ખંડિત ન બને એટલું તો આપણે જરૂર કરવાનું છે.

ગુરુપૂર્ણિમાનો દિવસ હૃદયમાં સતત ભાવનાપૂર્વકના સ્મરણમાં જાય તેમ તે ઉજવવાનો હોય. એમાં મૂર્તિપૂજાને સ્થાન નથી ભાવનાને સ્થાન છે. ભાવના જેમ જે હોય તેમ તે દિલમાં ઠરે છે. ભાવ એ જ મુખ્ય હકીકત છે. જેવો ભાવ તેવી વૃત્તિ.

## શ્રેષ્ઠ સાધન સદ્‌ગુરુસ્મરણ

શ્રીભગવાનનું નામસ્મરણ દિલમાં સતત ચાલુ રહે અને તે હૃદયની ભાવનાથી લેવાયાં કરાય એ માટેનો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ વધારે ને વધારે દૃઢાવવાની ઘણી ઘણી જરૂર છે. જો તે અભ્યાસ પ્રાણપૂર્વક ચાલુ રહે તો ધ્યાન, ત્રાટક આદિ ન થઈ શકે તેનો પણ વાંધો ન હોય. અથવા તો પોતાના સકળ વહેવારમાં, વર્તનમાં, સંપર્કમાં, બંધનમાં, સકળ કંઈ થતાં જતાં કર્મમાં પળેપળ હૃદયમાં ને આપણા સકળ આધારમાં સદ્‌ગુરુના ભાવનું ચેતનાપૂર્વકનું સ્મરણ પ્રાર્થનાભાવે જીવતુંજાગતું રહ્યાં કરે ને એને શરણે રહેવાયાં કરાય તો તે પણ ઉત્તમમાં ઉત્તમ સાધના છે.

## સતત જાગૃતિ પણ સાધન

બીજો અર્થ એમ પણ કરાય કે જીવનનો જે આદર્શ છે તેનું ભાવનાપૂર્વકનું જ્ઞાન પળેપળ જેમાં ને તેમાં આપણને સમજાતું રહે અને તે પ્રમાણે આપણા મનની ગતિ રહ્યાં કરે, પ્રાણની ગતિ તેવી રહે ને તેમાં જ અહં ઓગળી જાય ને બુદ્ધિમાં સમતા પ્રગટે તો બીજાં કશાં સાધનની જરૂર ન રહે.

*('જીવનપ્રવેશ' ત્રીજી આવૃત્તિ, પૃ. ૨૭-૨૮, ૩૨-૩૩, ૨૫, ૨૯-૪૧, ૪૩, ૪૬-૪૭)*

## સદ્‌ગુરુની પ્રાર્થના

મનને ક્યાંય કશાથી અટવાવા દેશો નહિ. મનની શાંતિ, સમતા, તટસ્થતા આદિ સાત્ત્વિક ભાવો ટક્યાં કરે એવું જીવનમાં સમજણથી આપણે વર્તન કરવું. મસ્તપણે રહેશો. બંને એક જ જીવ હો તેમ ભાવનાથી જીવતાં થજો, એ જ એક તમને બંનેને પ્રાર્થના છે. તમારામાં પૂરું ભળવું તો છે, પણ તમારી વચ્ચે સ્થૂળપણે આવીને રહીને નહિ, પરંતુ હૃદયમાં હૃદયથી સાચું જીવન પ્રકટાવીને અને તે રીતે જીવીને તેવી સરળ ભક્તિભાવવાળી ભૂમિકાનું વાતાવરણ ને એવી સરળતા આ જીવને તમારા બધાંમાં પ્રવેશ આપવાને કાજે એવા પ્રકારની ભૂમિકા પ્રકટાવવાનું કામ તે તે બધાંનું છે. પ્રભુ આપણને બધાંને તેવી જ્ઞાનપૂર્વકની સદ્‌ભાવના જીવનમાં તે પ્રમાણે વર્તવાને પ્રેરે એ જ તેની પ્રાર્થના છે. *('જીવનપ્રવેશ' ત્રીજી આવૃત્તિ, પૃ. ૨૩૪)*

## ૩. સદ્‌ગુરુનો તાદાત્મ્યભાવ

**- પૂ. શ્રીમોટા**

પ્રભુકૃપાથી જે જે જીવો સાધના અર્થે મળેલા છે, તેમનામાં ને બીજા જીવોમાં પણ સહાનુભૂતિપૂર્વક હૃદયનો તાદાત્મ્યભાવ પ્રભુકૃપાથી રાખી શકાય તેમ રાખું છું. તારામાં જે લાગણી છે, ભાવના છે, એ તો મોટામાં મોટું જીવનવિકાસ કાજેનું સાધન છે. પણ પાછી તું છંછેડાઈ જાય તેવી પણ છે. ને તને ઓછું પણ આવી જાય છે. આ બધું તારે ત્યજવાની ઘણી જરૂર છે. પ્રેમભક્તિ હૃદયમાં પ્રગટતાં તે બધું તો ક્યાંય ઓગળી જાય.

### સદ્‌ભાવ

જે તે સંબંધ આપણે તો વિકાસની ભાવના કાજે છે. સંબંધનો હેતુ જ્ઞાનભાવે ભાવના પ્રકટાવવાનો છે. તેમાં ફેરફારને કશું સ્થાન ના હોય. આપણા હૃદયમાં જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતોજાગતો સદ્‌ભાવ તે આપણો પરમ રક્ષક છે. આપણને ને જીવનને સંભાળનાર પણ તે જ છે. માટે આપણે તો એવા સદ્‌ભાવને જીવનનું ઘરેણું સમજવું.

### સદ્‌ગુરુનો પ્રેમ મેળવો

સદ્‌ગુરુનો અનુગ્રહ હોવાથી, ગુરુની કૃપાથી કરીને સાધક જીવાત્માની ભૂમિકા જીવતી રહ્યાં કરે છે એ જેટલી સાચી વાત છે, તે સાથેસાથે **સદ્‌ગુરુના હૃદયની સાથે પ્રેમજ્ઞાનભક્તિપૂર્વક આપણા આધારનાં કરણો ગળી જઈને મળી ગયેલાં બને અને પરસ્પરનાં હૃદય એકભાવે એકમેકમાં જીવ્યાં કરે, એ હકીકત પણ તેટલી જ સાચી છે. એવી સાધના તારે સંસારમાં કરવાની છે.** બીજા જીવોની જેમ ભલે ધ્યાન, ત્રાટક કે એવાં બીજી પણ જાતનાં સાધન તું ન કરી શકે તેનો વાંધો નથી, પણ તું નામસ્મરણ તો જરૂર કરી શકે છે. **સંસારમાં જે બધા પ્રસંગો બન્યાં કરે તેમાં તે તે પળે તારી સમજણ ઊંચી ને ઊંચી જીવતી રહ્યાં કરે ને એવી જાગૃતિ રાખ્યાં કરે તો તે પણ ઉત્તમ પ્રકારની સાધના છે.** પ્રત્યેક પ્રસંગમાં સદ્‌ગુરુનું ચેતનાપૂર્વકનું પ્રેમભક્તિયુક્ત સ્મરણ ને તેની પ્રાર્થના હૃદયમાં જાગે, તેની કૃપાશક્તિને હૃદયથી નોતરતા રહીએ તોપણ આપણે એકલાં નથી એવો જરૂર અનુભવ થઈ જાય. માટે જીવતાં થઈને, મરદ બનીને પ્રયોગ કરતાં રહેવું. જે પૂછવું હોય તે નિઃસંકોચપણે પૂછવું. **સદ્‌ગુરુને જે કોઈ જીવ ઉત્તમમાં ઉત્તમ રીતે સમજે છે ને એવી જે સમજ હૃદયમાંથી પ્રકટેલી હોય છે તેવા જીવ પર સદ્‌ગુરુના હૃદયનો પ્રેમ ન્યોછાવર થઈને છલકાઈ જાય છે.** તું મને કદી અન્યાય કરશે તેનો મને વાંધો નથી. પણ જીવનમાં આપણે બીજાં કોઈને અન્યાય ન કરી બેસીએ એટલું તો આપણે સૌએ સો ટકા જરૂર સાચવવું ને તેમ વર્તવું.

### આપણી નેકદિલી સૌને સ્પર્શે

આપણે જે જીવનવિકાસ કાજે કરવા ધાર્યું હોય તેના પરત્વેની હૃદયની નેક દાનત ને તે અંગેની આપણી પારદર્શક પ્રમાણિકતા, નિત્યના વહેવારમાં સર્વ કોઈને જે બધાં આપણા સંબંધમાં હોય તેમને-પૂરતી બરાબર જણાઈ આવવી ઘટે. આપણે જે જીવનવિકાસનું કામ કરવા માગીએ છીએ કે તેમાં મથતાં, ખૂંપતા જઈએ છીએ કે કેમ તેનું પણ એક પ્રત્યક્ષ લક્ષણ છે કે આપણી તેવી નેમની ભાવના બધાંને સ્પર્શતી હોવી ઘટે. આપણા સંબંધમાં આવેલા જીવોને લાગવું જ ઘટે કે હવે તો આ જીવ (જેણે પોતે જે કરવા ધાર્યું છે તે કર્મમાં) લાગી પડેલો છે.

### બીજાના સદ્‌ગુણો જ જુઓ

પોતે આમ કર્યા કરતાં હોઈએ એમ છતાં માથે આવી પડતાં કામોમાં કશું ઓછું ન થવા દઈએ; તેવાં કામોમાં આપણું બેપરવાપણું, અવ્યવસ્થા, બેકાળજી, કે એવું પાછું જણાયાં ન કરવું ઘટે. ને તેવું કામ કરતાં કરતાં નામસ્મરણની ભાવના અખંડિત એકધારી બસ ચાલ્યાં કરવી ઘટે. બધાં જે સંબંધમાં હોય તેમના સદ્‌ગુણો જ નીરખ્યાં કરવાની કેળવણીનો અભ્યાસ મનને પ્રગટાવવાનું જીવતું જ્ઞાન જાગૃતિથી રાખ્યાં કરવાનું છે તે જાણજે. બધાંમાં સુમેળભાવે વર્તવાનું છે. આપણા કાજે કોઈ શું કહે છે, શું વિચારે છે તેની કશી ગણતરી મન કરવા બેસી ન જાય તેની ખાસ કાળજી ખૂબ ખૂબ રાખવાની છે.

## ગુરુ ક્યારે કરવા

તમે ગુરુને વિષે લખ્યું છે, તે તો બધું વાંચ્યું. આ જીવને કોઈથી પણ છટકી જવાની જરૂર નથી, કે તેવી ઇચ્છા પણ નથી. પરંતુ **ગુરુ કર્યા પછી મન, વચન, કર્મથી એને પ્રમાણિક, વફાદાર રહેવું અને તેના ભક્ત બનવું તે કામ આપણું પોતાનું છે. એવી ભાવનાની અખંડતા હૃદયથી જીવતીજાગતી સદ્‌ગુરુનામાં જળવાયાં કરે તો જ તે કામ આવે છે. એટલે એવું સાધન આપણાથી થઈ શકતું હોય તો ગુરુ કર્યા એ ખપના. મારા તમારા જેવાથી તો ગુરુનું ખૂન પણ થઈ જતું હોય છે તેનું શું ? માત્ર નામના ખાલી ખાલી ગુરુ કર્યેથી કશું વળવાનું નથી ને વળતું હોતું નથી.** આ જીવમાં કશું દૈવત છે એવો તો દાવો છે જ નહિ. જે તે કંઈ દૈવત જો હોય તો તે પરમકૃપાળુ ચેતનનું છે. આમ લખીને તમને નિરુત્સાહ કરવા નથી માગતો. પરંતુ **સદ્‌ગુરુ વિશેની જે ભાવના જીવનવિકાસના ખપમાં આવે તેવી જ્ઞાનપૂર્વકની ભાવના કેળવવાની દિલમાં ખાંખત, ઉત્સાહ ને પ્રેમભક્તિ હોય તો જ ગુરુ કરવા. નહિતર ગુરુને પાંજરાપોળમાંના ખોડા ઢોરની જેમ એક ઠેકાણે ભૂખ્યાતરસ્યા બાંધી રાખવા એ તો ઊલટું પાપ છે તે નક્કી જાણશો.**

## સદ્‌ગુરુ શા હેતુથી

સાધના વિષે ગંભીરતા અને તેનું મહત્ત્વ હજી તારામાં પૂરેપૂરું પ્રકટ્યું નથી. તેથી અમને ઘણો ઘણો સંતાપ ને ત્રાસ થાય છે. **સાધના પંથે જવાને કાજે જો દિલ ખરેખરું હોય ને તેવા ઉપયોગના હેતુ કાજે સદ્‌ગુરુ કરવા હોય તો કરવા ને ગણવા.** બાકી તો અમને રખડતા ને રઝળતા મૂકીને ક્યાંનું ક્યાં વિચરવાનું બને છે એ તો એક રામ જાણે ! અમને ક્યાં કોણ લેખામાં ગણે છે ! જીવનની ભાવનાથી કરીને સદ્‌ગુરુને જ્ઞાનભાવે પોતાના હૃદયમાં એક પળ પણ જે જીવ વીલા ન મૂકે તેની સાધના ખરેખર પાકવાની અણી ઉપર આવી જાય.

## ગુરુના કાર્યની પ્રેમભરી જાણની જરૂર

ગુરુ કેટલીક વાર સાધક જીવનું લેવાનું પણ કરે. તેવા લેવાપણાનું હૃદયમાં આપણને જો જ્ઞાનભાન પ્રકટે તો તેવું લેવાની આંતરિક ક્રિયાવિધિમાં આપણે સંપૂર્ણ તે પ્રકારથી ખાલી બની જવાનાં છીએ એવો હૃદયમાં આપણને પૂરેપૂરો જ્ઞાનપૂર્વકનો ભાવ પ્રકટેલો રહે અને મનની દશા એવા ભાવ વિના આમ કે તેમ જરા પણ ન રહે તો જીવનને ઊંચે પ્રકટાવવામાં તે ઘણો ભાગ ભજવે છે.

## પોતાનો દાખલો

શ્રીપ્રભુકૃપાથી આ જીવે એવા સદ્‌ગુરુનું મનન, ચિંતવન, સ્મરણ એની કૃપાપ્રેરણાથી કર્યાં કરેલું. એની પ્રત્યક્ષ સહાય મળતી અનુભવેલી છે. એ કંઈ કપોળકલ્પિત હકીકત નથી. અથવા તો કોઈ ભ્રમણાત્મક દશાનું પરિણામ નથી. અથવા તો કોઈ ઉત્કટ કલ્પનાને પરિણામે નીપજેલી હકીકત નથી. દરેક સાધક જીવ પોતે જાતે હૃદયપૂર્વકનો પ્રેમભક્તિભાવપૂર્વક આનો પ્રયોગ કરીને ખાત્રી કરી શકે છે. માટે કૃપા કરીને તારે નામસ્મરણમાં ખૂબ જાગ્રત બનવું. સંસારવહેવારના વર્તનમાં કોઈ પણ જીવ પરત્વે જીવપ્રકારની લાગણી ન અનુભવાય તેની પૂરેપૂરી તકેદારી રાખવી. **આપણને કોઈ હજારો અન્યાય કરે પણ આપણાથી કોઈને અન્યાય ન થઈ જાય એટલું તો આપણે પૂરેપૂરું સાચવવાનું છે. ભૂલેચૂકે પણ કોઈ પણ જીવને આપણે ભોંઠો ન પાડવો. ને એવી ભોંઠપ પોતે જ્ઞાનપૂર્વક વહોરી લેવી.** આ જીવે જાતે તેમ કરેલું છે તેવી હકીકત આ ''કલમ'' પોતે જાતે જાણે છે. એટલે જે કર્યું છે તે તને લખું છું. કોઈ જીવ જાણી જોઈને આપણા પર દોષારોપણ કરે કે બીજી રીતે અન્યથાપણે કરે તો ઝટ ઝટ તેનો ખુલાસો આપવાને મન તૈયાર થઈ જાય, તો તે યોગ્ય પણ નથી. સાધક જીવે એમ તો પોતાનો બચાવ કરવાની વૃત્તિ પણ મૂકી દેવી પડશે. પોતે પોતાની ભાવનામાં જો પૂરેપૂરો પ્રમાણિક, વફાદાર ને નેકદિલી રાખનારો હશે તો તેને ઊની આંચ આવવાની નથી.

*('જીવનપ્રવેશ' ત્રીજી આવૃત્તિ, પૃ. ૫૮, ૮૦-૮૧)*

આપણે જે સ્થળે પહોંચવું છે, ત્યાં પહોંચવાને કાજે આપણે એક એક પગથિયે કરીને પહોંચવાનું હોય છે. તે ચઢવાનું ભાન સંસારવહેવારના સકળ કર્મમાં જો આપણને ન રહે તો તો એ ઘટમાળમાં જ આપણે અટવાઈ પડીએ. ભાન રહે તો જ સરખું કામ થાય. માટે જેમાં તેમાં ભાનની વાત મોટી છે. તું વધારે જીવતી બને ને કંઈક પાવરધી થાય તો અમને હૈયે ટાઢક વળે. તારા વિષે અમને ઘણો અજંપો રહે છે. કોઈક વાર તો દિલમાં ઘણું લાગી પણ આવે છે. કારણ કે કેટલીય વખત તું અમારાથી કેટલીય દૂર ભાગેલી અનુભવમાં પ્રવર્તે છે; ત્યારે અમને કળ પડતી નથી. હૃદયનો પ્રકટેલો સદ્‌ભાવપૂર્વક ને જ્ઞાનપૂર્વકનો પ્રેમભાવ પરસ્પરને સંકળાવીને જીવતાં રખાવે છે. જે હેતુને માટે હૃદયનો મેળાપ બને તે હેતુના મનનચિંતવનમાં તે પ્રેરાવ્યાં કરે છે. એવો પ્રકટેલો હૃદયનો પ્રેમભાવ એ જ આપણો સાચો સદ્‌ગુરુ છે. બીજા કરેલા સદ્‌ગુરુ પણ એને કાજે છે, એટલે કે એવું પરિણામ નિપજાવવા કાજે છે.

### સદ્‌ગુરુની પ્રસન્નતાનો આધાર

પરંતુ આજકાલ 'હૃદય એટલે શું' એની જ કોઈને ગતાગમ નથી. સૌ કોઈ મોઢેથી 'હૃદય' 'હૃદય' બોલે છે, પણ હૃદયને કોઈ પિછાનતા નથી તો અનુભવી તો કેવી જ રીતે શકે ? જે 'હૃદય' 'હૃદય' એમ બોલે છે તે તો ખાલી ખાલી ઉપરચોટિયું બોલે છે. અને હૃદયનાં સ્વજનો જે જીવનવિકાસ કાજે મળ્યાં છે, તેમના તેવા બોલવાથી અમને તો ઊલટો કારી ઘા વાગે છે. પણ અમારી વાત કોણ માને ને કોણ સમજે ? જ્યાં ત્યાં બધે જ અંધકાર છવાયેલો છે. કોઈને પણ પોતાની પડી નથી. સૌ કોઈને જેમ પોતાને મન ફાવે તેમ સ્વચ્છંદીપણે ઊંઘ્યાં કરવું છે ને તેમાં વિક્ષેપ પડે તો સાપની જેમ ફૂંફાડો મારવો છે. પોતાની રીતે બધાં વર્તે તો તે ગમે, પરંતુ આપણને બીજાંને સાનુકૂળ થઈને દિલમાં વર્તવાની હજી પૂરેપૂરી સાચી દાનત જાગેલી નથી, એ જ મોટામાં મોટી ખાટલે ખોડ છે. માટે આપણાથી કરી બીજા જીવોને વધારેમાં વધારે શાંતિ, સુખ આદિ આપી શકાય ને તેવું કરવામાં હૃદયમાં ઉત્સાહ, ઉમળકો પ્રકટે ત્યારે કંઈક અમને સારું ને સાચું લાગે.

### સદ્‌ગુરુની ગુપ્ત શાબાશી

તારા તા. ૭-૯ના કાગળમાં તારી જે સમજણ છે તે વાંચીને આનંદ થયો. આપણે કાળને પાકવા દેવો પડે છે. કાળ પાક્યો હોય ને તે પ્રમાણે કામ થાય તો તે ઉત્તમ પ્રકારનું થાય. એટલે સૌ કોઈના સદ્‌ભાવને મેળવી મેળવીને શ્રીપ્રભુના માર્ગમાં સૌ કોઈની સહાનુભૂતિ મળ્યાં કરે, પ્રેમ મળ્યાં કરે તો તે આપણે કાજે અતિ ઉત્તમ છે. એવી સદ્‌ભાવની ભૂમિકા તું જરૂર કેળવી શકશે. માટે ધીરે ધીરે કરીને બધાય જીવમાં ભાવ પરોવતી થઈને તેમનો પ્રેમ મેળવવો એ તો આપણા જીવનનું ઉત્તમ લહાણું છે. જેમનો તેમનો પ્રેમભાવ મેળવવાનું તને દિલ જાગ્યું છે ને જાગે છે એ વાંચીને હૈયાને તો ઘણું ઘણું થઈ આવે છે. તને શાબાશી આપવાનું પણ દિલ થાય પણ હજી તો ઘણું ઘણું બાકી છે અને ઘણી રીતે હજી અધૂરી છે ને કાચી છે. યોગ્ય રીતે પાકતાં પહેલાં જીવને શાબાશી ને વખાણ મળે તો તેનાથી કરીને તે ફુલાઈ જાય છે ને તેનું કામ બગડે છે. માટે શાબાશી આપવાનું ને વખાણ કરવાનું તો આ જીવે જાણ્યું નથી. કોઈનાય વિષે હૃદયમાં એવો ભાવ પ્રકટતો નથી એમ કહેવાનું તાત્પર્ય નથી.

### ગુરુનું કાર્ય

લાભ, અંતરનો લાભ, પરસ્પરનો જ્ઞાનયુક્ત સદ્‌ભાવભરી એકતાનો રાગ જ્યારે હૃદયથી હૃદયમાં

જન્મે ત્યારે મળી શકે છે. તે વિના તેમ થવું અશક્ય છે. એટલે બીજા જીવની અપેક્ષા વિના એની કૃપાથી કરીને શ્રીભગવાન આ જીવને જેવું સુઝાડે છે, એવું સ્વજનનું સ્મરણ (તેવા તેવા નિમિત્ત જીવોનું) પ્રસંગેપ્રસંગે હૃદયથી રાખવાને આછોપાતળો પ્રમાણિત પ્રયત્ન કર્યા કરું છું. મારો પ્રભુ તો મારાં સ્વજન છે. પરંતુ એમનામાં એવી ભાવના રાખીને જેટલું જીવવાનું બને છે, તેમાં જેવી જીવતી ધારણા ભગવાન રખાવે છે તેમ રાખવાનું બને છે.

**સદ્‌ગુરુ માટે ફના થાઓ**

પરંતુ પેલા સંત માટે જે તે બધું હૃદયથી કરી શકવા આપણે તૈયાર હોઈ કે થઈ શકતા નથી. જ્યાં સુધી સર્વ રીતે ને સર્વ ભાવે, સમર્પણભાવે, ફનાગીરી હોવાની કે થવાની હૃદયની પ્રેમભક્તિભાવપૂર્વકની જાગ્રત ઉત્કટ તૈયારી આપણી થઈ શકતી નથી ત્યાં સુધી તે ફનાગીરીના વિષયમાં આપણે કદી તલ્લીન થઈ શકતા નથી તે જાણશોજી.

**પ્રેમભર્યું ગુરુસ્મરણ રાખો**

'ચેતના-શક્તિની ભાવનાને કેમ ધારણ કરવી ?' એવો પ્રશ્ન તમે પૂછો તે પહેલાં તેનો પણ ઉલ્લેખ કરી દઉં. એવી ભાવના તો સૂક્ષ્મ હોય તેટલે અંશે તે નિરાકાર પણ ગણાય. તો પછી તેને ધારણ પણ કેમ થઈ શકે ? એટલે પહેલાં તો પ્રત્યેક જે તે કંઈ કરીએ તેની શરૂઆતમાં, મધ્યમાં ને અંતમાં ને કર્મની સળંગતામાં ને કર્મની સમગ્રતામાં એની સતત જીવંત પ્રેમભક્તિયુક્ત સ્મરણધારા હૃદયથી હૃદયમાં રહ્યાં કરે ને એવી રીતે જ જે તે પ્રવૃત્તિ થયાં કરે ને એવી યાદમાં જ્યારે પ્રેમભાવની ઉત્કટતાનો રસરંગ જામતાં - એવી ભૂમિકા થતાં - એવા મનની ભૂમિકા પર જે જે પ્રવૃત્તિ થયાં કરે તેમાં પ્રવૃત્તિના ગુણદોષ મનને સ્પર્શ કરી શકવાના નથી.

**ગુરુમંત્ર પણ ક્યારે ફળે**

ખાલી ગુરુમંત્ર લીધા કરવાથી કશું વળી શકતું હોતું નથી. જેને લેવો હોય તે ભલે લીધાં કરે. એ પણ એક પ્રકારની ખાલી અજ્ઞાનપૂર્વક ભ્રમણા છે. જગત તો ગાડરિયા પ્રવાહની જેમ વહેતું હોય છે. તેમ છતાં તમારે ગુરુમંત્ર લેવો હોય તો તેમાં ના ન હોય. જ્યાં સુધી જીવનનું મૂળ વહેણ બદલાઈ ન જાય ત્યાં સુધી હજારો લીધેલા મંત્ર નકામા છે. आशा, तृष्णा, मोह, लोभ, क्रोध, काम, मद, अहंकार, कामना, वासना, रागद्वेष વગેરે બધાંને કાઢવાનું કે મોળાં કરવાનું જ્યાં સુધી ઝંખનાપૂર્વકનું ઊગી શકતું નથી, એવી તૈયારી જે જીવથી ચાહીને થઈ શકતી નથી, એવા જીવને સાક્ષાત્ ભગવાન પણ ઊંચે ચઢાવી શકવા સમર્થ નથી.

**પોતાને વળગનાર ફાવશે જ (વચન)**

છતાં આ જીવને કંઈ દશા વિષે નિરાશા છે જ નહિ. મારે કોની સાથે ને કોની સામે નિરાશા હોય ? જ્યાં તમે પોતે જ મારાં છો, મારા અંશ રૂપે જ છો. મારું ચેતનાસ્વરૂપ છો, એટલે કોઈ કાળે કોઈના વિશે નિરાશા થવાની નથી. એટલું યાદ રાખજો કે અથડાતાં-કુટાતાં, સમજીને કે બેળેબેળે, જે જે જીવ આ જીવને જાણે કે અજાણ્યે વળગેલો છે, કે હજી પણ વળગશે તેમની તેમની ગમે તેવી વૃત્તિ પ્રભુકૃપાથી આ જીવની સાથે હશે છતાં પણ તે તે જીવને શ્રીભગવાનને પંથે આવ્યા વિના રહી શકાવાનું નથી તે નક્કી જાણશોજી.

**ગુરુમંત્ર કોને કામનો**

બાકી તો બળાપો, ક્લેશ, સંતાપ, ગૂંચ, મુશ્કેલીઓ, ઉપાધિ, કઢાપો, અજંપો તો આ સંસારમાં ને એવા વહેવારમાં રહેલાં જ છે. એનાથી અળગા થવાની શક્તિ કોઈ જીવમાં નથી. એ તો ભોગવ્યે જ છૂટકો થશે. જે કોઈ જીવ બેળેબેળે, ત્રાસથી, કંટાળાથી, એવું સંસારનું ભોગવશે તેને તેને તે તે બધું અનેકગણા જોરથી ગળે વળગવાનું છે તે નિશ્ચે કરીને જાણશોજી. જે જે જીવ તે તે વેળાએ પ્રભુનું ભજન કરી કરી, એને પ્રેમભક્તિજ્ઞાનભાવે પ્રાર્થના કરી કરી,

**અનુસંધાન પેજ નં. ૨૧ પર...**

હું તો ધૂણીની નજીક કોઈ વાર પ્રાર્થનામાં, તો કોઈ વાર ધ્યાનમાં, તો કોઈ વાર બીજા પ્રકારની સાધનાના સાધનમાં રહ્યા કરતો. ઉપર લખેલી આંતરિક પ્રાર્થનાનો ભાવ તો તે વેળા પણ દિલમાં દિલથી એકધારો પ્રગટેલો રહ્યા જ કરતો. મધ્યરાત્રિ વીત્યા પછી થોડીક જ વારમાં મને ધૂણીની પાસે સદ્‌ગુરુનાં દર્શન થયાં. એકદમ તો એક એવા પ્રકારનો અચંબો થયો અને દિલ ભક્તિભાવથી પ્રેરાઈને આપોઆપ સહજપણે તેમને નમ્યું. આ વખતે નામસ્મરણ તો એકધારું અખંડ સતત ચાલ્યા જ કરતું. ભાવનાની અખંડતા પ્રગટેલી, પરંતુ તેમાં અવારનવાર ઘણી વાર ધીમી ગતિ થઈ જતી, અને તે ઘણું ઘણું સાલતું. આવી સાધનાની સ્થિતિમાં પણ મન અને બુદ્ધિ ગળી ગયાં ન હતાં, તેનું પ્રત્યક્ષ ભાન પ્રભુકૃપાથી ત્યારે પ્રગટ્યું.

ગઈ કાલવાળો પ્રસંગ આગળ ચલાવું. પ્રભુકૃપાના એ અનુભવને મન પણ માને નહિ અને બુદ્ધિ પણ ના માને. તે તો કહે કે 'એ તો પંચત્વ પામ્યા, હવે ક્યાંથી હોય વળી ? એ તો તારો તેમના પરત્વેનો પ્રેમભક્તિભર્યો અંતરનો જે ભાવ છે, તે ભાવ આ રીતે સાકાર થયો છે.' આવી રીતે મન અને બુદ્ધિએ સમાધાન મેળવ્યું. પરંતુ તુરંત જ તે પળે શ્રીસદ્‌ગુરુ બોલ્યા કે 'હે મૂર્ખ ! હું ખરેખર રીતે, પ્રત્યક્ષપણે, વાસ્તવિક રીતે અહીં સ્થૂળ રીતે, પણ હાજર થયો છું, અને તે તને ચેતાવવા માટે. તારું જે મહત્ત્વનું કર્મ છે, અને જે કર્મને તું જીવનવિકાસની સાધના માને છે, તે સાધનાના ભાવને પાકટ કરવાને માટે તને પ્રભુકૃપાથી આ પરિસ્થિતિ મળેલી છે. જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પ્રભુનો દિલમાં દિલથી ભક્ત બની જાય છે, તેનું યોગક્ષેમ શ્રીભગવાન કૃપા કરીને પોતાના હાથમાં લઈ લેતો હોય છે. અને તે યોગક્ષેમ પણ કંઈ એક પ્રકારનું હોતું નથી. યોગક્ષેમના પણ ઘણા ઘણા અર્થ થઈ શકે. જીવનનું એકેએક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે, અને જીવનના પ્રત્યેક પાસામાં જેને શ્રીપ્રભુકૃપાથી સાધનાનો જીવંત ભાવ એકધારો જીવતોજાગતો સાબદો ટક્યા કરે છે, તેને શ્રીભગવાન કૃપા કરીને પોતાનો બનાવી લઈને તેનું સકળ પ્રકારનું તંત્ર તે ચલાવતો હોય છે. માટે, તું નિશ્ચિંત બની જા, અને તારું બધું જ ભગવાન કૃપા કરીને ચલાવવાનો છે, તેની તું પૂરેપૂરી ખાતરી રાખજે.' તે વેળાએ તેઓશ્રીએ મને જે ગાળો ભાંડેલી તે તો તમને કાગળમાં લખતો નથી, કારણ કે તમને જુગુપ્સા થાય. વળી પાછું તેમણે કહ્યું કે 'હજી પણ તારાં મનબુદ્ધિ મારા અદૃશ્ય થઈ ગયા પછીથી કંઈક સંશય પેદા કરે, તો તે માટે હું તને કહું છું કે અહીં એક ખરેખરો મૃતદેહ પડેલો છે, તેમ જ અહીં હું ખરેખર પ્રત્યક્ષ થયેલો છું.'

### વાસ્તવિકતાનો સ્વીકાર

આવું પતિતપાવન દર્શન થયાં કરતું હતું. તે વેળા મેં મારી જાતને બધી રીતે ચકાસી અને જોઈ લીધું કે હું સંપૂર્ણ જાગ્રત છું, સભાન છું અને મને જે દર્શન થાય છે તે તદ્દન વાસ્તવિક છે. સંપૂર્ણપણે અનેક રીતે પ્રભુકૃપાથી તેની વાસ્તવિકતાનું યોગ્ય જ્ઞાનભાન જાગે એવા પ્રકારના ભક્તિભાવથી અને દિલને, મનને અને બુદ્ધિને તે દર્શનનું સચોટપણું, વાસ્તવિકપણું અને તેની યથાર્થતા સંપૂર્ણપણે લાગી જાય, તેવા ભાવથી તે આખા પ્રસંગને આવકારવાનું અને સ્વીકારવાનું બની શક્યું હતું.

### નિશ્ચિંતતાની પ્રાપ્તિ

પ્રભુકૃપાથી આ દર્શન થતાં જ દિલમાં એક એવા પ્રકારનો ઉત્કટ ભાવ જાગ્યો કે ગૂજરાત હરિજન સેવક સંઘના મંત્રીપદનું કામ હાથમાં આવ્યું, અને એટલી બધી સંસ્થાઓનું કેમ કરીને આર્થિકપણે યોગ્ય રીતે સંચાલન થઈ શકશે અને ચલાવી શકાશે એવા

પ્રકારની દિલમાં જે ગડમથલ જાગેલી, તે હવે સંપૂર્ણપણે અદશ્ય થઈ ગઈ. અને એક પ્રકારની જ્ઞાનભક્તિપૂર્વકની નિશ્ચિંતતા પ્રગટી.

આ બનાવ તો એક થોડીક મિનિટોમાં જ પતી ગયો હશે, પરંતુ આ જીવ પર એની જે અસર પડી છે, તે તો કેટલાય જન્મોના પુરુષાર્થ વડે કરીને જે પરિણામ ના મેળવી શકાય તે પરિણામ તેમના આવા પ્રકારનાં પતિતપાવન દર્શનથી પ્રગટ્યું. પણ તે વેળા તો મનબુદ્ધિ બરાબર માને નહિ. અને આ પ્રસંગને પ્રેમભક્તિપૂર્વક કબૂલે પણ નહિ. તે તો કહે કે 'આવું બની જ ના શકે. શક્ય જ નથી.' હું મનબુદ્ધિને ટકોરું કે 'ભલા ! મેં મારી સગી આંખોએ જોયું છે. કાનથી જાતોજાત તેઓશ્રીના શબ્દો સાંભળ્યા છે. તેમણે જે જે કહ્યું, તેનો રણકાર દિલમાં પ્રગટેલો છે. વળી, તેમણે પોતે જ કહ્યું છે કે 'જેમ અહીં મૃતદેહ પડ્યો છે, તેમ હું સ્થૂળ રીતે તારી પાસે હાજર થયેલો છું, તો મનબુદ્ધિ કહે, 'અહીં મૃતદેહ ક્યાં પડ્યો છે ?' એટલે મેં મનબુદ્ધિને વળી કહ્યું કે 'તેઓશ્રી એકલું માત્ર બોલેલા જ નથી, પરંતુ તેમના જમણા પગના અંગૂઠાથી કૂંડાળું કરીને બોલ્યા છે. આ રેતીમાં કેટલા બધા કલાકોથી વિદ્યાર્થીઓ આમતેમ રમ્યા જ કરે છે ! એટલે તાજું થયેલું કૂંડાળું હોય તો જ તે સ્પષ્ટપણે જણાઈ આવે. બાકી તો તે ભુસાઈ જાય.' (તેઓએ એવે ઠેકાણે કૂંડાળું કરેલું હતું કે જ્યાં સતત વિદ્યાર્થી ભાઈઓ જુદા જુદા પ્રકારની રમતો કર્યા જ કરતા હતા.) આવી અંદર બધી ગડમથલ મનબુદ્ધિમાં ચાલ્યા કરતી હતી, તે વેળાએ પહેરો ભરતા બે મોટા વિદ્યાર્થીઓને મેં બોલાવ્યા, અને તેમને સંબોધીને મેં પૂછ્યું કે 'ભાઈ ! જુઓને ! તમને આ ધૂણીની આગળ મોટું કૂંડાળું દોરેલું દેખાય છે ?' એટલે તેમણે બૅટરીથી પ્રકાશ ફેંકીને જોયું તો દોરેલું કૂંડાળું એકદમ તરત જ તાજું પડેલું હોય એવું જણાયું, પણ વળી મનબુદ્ધિ કહે કે 'પણ અહીં મડદું ક્યાં છે ?' તે ઉપરથી મોટા વિદ્યાર્થીઓને એકઠા કરી કૂંડાળા જેટલી જગામાં વીરડો ખોદવાનું કહ્યું, કારણ કે જોકે મને પ્રભુકૃપાથી દિલમાં તો પ્રતીતિ હતી જ કે મૃતદેહ તો હોવો જ જોઈએ, પણ મનબુદ્ધિને પ્રભુકૃપાથી સાબિતી મળે તો મનબુદ્ધિને પણ પ્રેમભક્તિપૂર્વકનું સમાધાન થઈ શકે. દિલની ભાવનામાં અંતરનાં બધાં કરણોનો પ્રેમભર્યો સહકાર, સાથ મળવો ઘણો ઘણો જરૂરનો છે. તેનું પ્રભુકૃપાથી મને તે વેળા પણ ભાન પ્રગટેલું હતું. વિદ્યાર્થીઓ તો ખોદતા ગયા. લગભગ બે હાથ ખોદ્યું અને પાણી આવવાનું થયું, તોપણ મૃતદેહ તો જણાયો નહિ. મનબુદ્ધિ તો જીવતાંજાગતાં બેઠેલાં જ હતાં અને કહે છે કે 'જોયુંને, અહીં શબ ક્યાં છે ?' તેમ છતાં દિલમાં મને તો પ્રતીતિ હતી, એટલે વધારે ઊંડું ખોદાવવાને માટે મેં વિદ્યાર્થી ભાઈઓને જણાવ્યું. વીરડામાં અર્ધા ફૂટ જેટલું પાણી થયું તોપણ કશું નીકળ્યું નહિ. વળી પાછું આગળ ખોદવાને જણાવ્યું. લગભગ એકાદ ફૂટ પાણીની નીચે એક મરેલા હોલાનું શબ અંતે નીકળ્યું, અને તે શબ પણ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું ! આવા પ્રત્યક્ષ પુરાવાથી મનબુદ્ધિને પણ સમાધાન થયું.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૯ થી ૧૧)*

## ગરજ અને તાલાવેલી

આપણે કોઈક એક રીતે ભાન રાખવાનું છે એવું નથી. આપણે અનેક રીતે, જીવનનાં બધાંય પાસાંમાં જીવનની સાધનાનું ભાન પ્રગટાવ્યા કરવાનું છે, પરંતુ તે પ્રગટેલું કે પ્રગટતું કોઈ સ્વજનના દિલમાં હું અનુભવી શકતો નથી, કારણ કે ખરેખરી, સાધનાયુક્ત તત્પરતાયુક્ત તાલાવેલી અને ગરજ કોઈનામાં પ્રગટેલી અનુભવતો નથી. 'તો પછી આ બધાં મળ્યાં કેમ ?' એમ તમે પૂછો, તો મારો તેનો જવાબ એ છે, કે તેવા પ્રકારની તે તે કાળની કોઈ આવેશની ભૂમિકામાં તમે આવી ચડેલાં હતાં અને હજી પણ જો તમારું આ માર્ગે જવાનું દિલ પ્રગટેલું ના હોય, તોપણ તે ક્ષેત્રના સાધનના અભ્યાસમાં મચેલા રહેવાનું કર્યા કરો. જે તેમાં ને તેમાં કોઈ ને કોઈ રીતે મચેલો અને વળગેલો રહ્યા કરે છે, તે આજ નહિ તો કાલ પ્રભુકૃપાથી ફાવી શકવાનો છે.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૨૦૦-૨૦૧)*

આપણા અનેક પ્રત્યક્ષ અને તાદૃશ્ય અનુભવોને પરિણામે જેને સદ્‌ગુરુનું સ્થાન આપ્યું હોય તેનામાંના સ્થૂળ અને સૂક્ષ્મમાં ભેદ તારવવો એ મુશ્કેલ હકીકત છે, અને ઘણાંને માટે તે અશક્ય પણ હોય. તેમ છતાં **સદ્‌ગુરુ એટલે ગુરુનું શરીર નહિ, મન નહિ, અને જુદાં જુદાં નિમિત્ત કારણે ઊઠતી પ્રેરક અને અભિપ્રેરિત પ્રવૃત્તિનો સરવાળો પણ તે નથી. સદ્‌ગુરુ એટલે ભગવાનનો જીવતોજાગતો જીવનમાં સાર્વત્રિકપણે પ્રસરી એકધારો પ્રગટી રહેલો ભાવ.** સદ્‌ગુરુ એટલે શ્રીશંકરાચાર્ય કહે છે તેમ :-

**એક નિત્યં વિમલમચલં સર્વાધીસાક્ષીભૂતમ્ ।**
**દ્વંદ્વાતીતં ત્રિગુણ-અતીતમ્ સદ્‌ગુરું તં નમામિ ॥**

### સદ્‌ગુરુની ભાવભક્તિ

-એવા સદ્‌ગુરુના ભાવને ઝંખવું. એવી ઝંખનાનો ભાવ કંઈ નકામો નથી હોતો, અથવા તો શક્તિ વિનાનો પોલો પોલો પણ હોતો નથી. એવા ભાવની જ્યારે ખરેખરી ઝંખના પ્રગટે છે, ત્યારે એવા પ્રકારની દિલમાંની ઝંખના એના પરત્વે એક પ્રકારની એકતાનતા પ્રગટાવે છે. એવી ઝંખનાથી એના પરત્વેનું દિલમાં દિલથી આકર્ષણ પણ પ્રગટે છે. એવું આકર્ષણ પ્રગટેલું હોય અને તે સતત એકધારું પ્રગટ્યા કરેલું હોય અને તેમાં પૂરેપૂરી સળંગતા જાગેલી હોય ત્યારે ત્રણે દશામાં-'નિદ્રામાં, સ્વપ્નમાં અને જાગ્રતિમાં-ઝંખું છું', એવું લખેલું યથાર્થતાવાળું ગણી શકાય. માનવી જે જે કંઈ બોલે છે અથવા કહે છે, તેને ભગવાનની કૃપાથી આ જીવ તે રીતે સાચું માની શકતો નથી, કારણકે તે તે જીવને જે જે પ્રકારની રોજિંદાં વર્તનવહેવારમાં વૃત્તિ, લહરીઓ ઊઠે છે, તે પોતે જ તેનું પોત ઉઘાડું કરીને બતાવી આપે છે.

### દ્વંદ્વાતીત સદ્‌ગુરુમાં પ્રેમભક્તિ

આ બધા પ્રસંગોના સાક્ષીઓ આજે બધાં જીવતાં છે. મારા જીવનના આવા કેટલાક બીજા પણ પ્રસંગો છે. એની હારમાળા મારે તમને લખવી નથી. ઇન્દ્રિયાતીતપણાના પણ પ્રસંગો પ્રભુકૃપાથી પ્રગટેલા છે. આ બધું લખવાનું કારણ તો એ કે ઉપર જે સદ્‌ગુરુ વિશેનો શ્લોક ટાંક્યો છે :-

**'એક નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતમ્'**

એવાં એવાં લક્ષણો જેના જીવનમાં પ્રગટેલાં છે, તે સાચો સદ્‌ગુરુ છે એવું જીવતુંજાગતું પ્રમાણ આપણને તે શ્લોકમાંથી મળી આવે છે, અને એવા પ્રકારનો માપદંડ (જીવન માપવાનું થરમૉમિટર) અને તેવા પ્રકારના પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે, તેના પરત્વેનું જો મળેલાં સ્વજનમાં પ્રેમભક્તિજ્ઞાનયુક્ત મહત્ત્વ પ્રગટે, તો તેવા સદ્‌ગુરુમાં આપણું દિલ પરોવાઈ રહે ખરું.

### શરણાગતિ

સર્વ પ્રકારમાં નિરાગ્રહી થવાનું તે વાત સાચી, પરંતુ આપણે જે જીવનધ્યેય માન્યું તે પરત્વેનું કર્મ કરવાનો આગ્રહ તો ભારેમાં ભારે રાખવો પડશે. એવાં સાધનના આગ્રહથી જે કામ થયા કરે એનાથી જે કેળવણી અને ઘડામણ થાય છે, અને સાધનાની ઉત્તરોત્તર ભૂમિકાઓ વટાવતાં જ્ઞાનયુક્ત જે શરણાગતિ પ્રગટે છે, તે સ્થિતિ કંઈ ઢીલાપોચા માનવીની નથી. તે તો એક નક્કર વાસ્તવિક સ્થિતિ છે. તેવી રીતે જીવન પાકતાં પાકતાં જે રસ પ્રગટવાનો છે એને ઢાળવાને માટે, સોનાના રસની લગડીઓ બનાવવાને માટે લોઢાની નાળ હોય છે, તેમ એ રસને આકાર લેવા માટે આપણે એવી નાળ બનવું પડશે. જેવી નાળ આપણે બન્યા હોઈશું તેવો આકાર થશે એવું કશું આ બાબતમાં નહિ બને, કારણ કે જે કંઈ તૈયાર થયું હશે તે પણ જો તેને અનુરૂપ ભૂમિકા નહિ બની હોય તો એ જે કંઈ થોડો રસ ઉદ્‌ભવશે તેને પણ લાયક receptable-(ઝીલનાર) પાત્ર, યોગ્ય ના હોવાને લીધે વેરવિખેર પણ થઈ જાય અથવા બીજી રીતે પણ પરિણમે.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૯૨-૯૩, ૧૦૪, ૧૬૪)*

## ૭. સદ્‌ગુરુનો ઉપયોગ

**- પૂ. શ્રીમોટા**

સદ્‌ગુરુની કને જવાનું મન થાય, પરંતુ એના કરતાં આપણા હૃદયમાં એને જીવતો કરવાની કળા સાધકે શીખવાની રહે છે. જે એને બહાર સ્થૂળ રીતમાં જુએ છે, તે સાચો સાધક નથી. એવો સાધક તો કશો પોતાનો શુક્કરવાર વાળી શકનાર નથી. જે સાધક પોતાના સદ્‌ગુરુને પોતાના જીવનવિકાસથી અજવાળ્યાં કરે છે, જરૂર પડતાં હૃદયથી એનો સથવારો ખોળે છે, તે મેળવીને તેના વડે ખાલી ખાલી કંઈ માત્ર તે આશ્વાસન કે આશાએશ ભોગવતો નથી, પરંતુ એના સથવારાની સહાયે તો જીવનવિકાસમાં આગળ ને આગળ કૂચકદમ કરવામાં એની ધન્યતા ને કૃતકૃત્યતા તે અનુભવે છે, તેવો સાધક જ્ઞાનભાવે સદ્‌ગુરુને ઉપયોગમાં લઈ શકે છે.

**સદ્‌ગુરુ માનવ છતાં માનવાતીત**

પ્રભુકૃપાથી જીવનનો સદ્‌ગુરુ જે હોય તે છે તો આપણા જેવો માનવી. એને પણ આંખ, કાન, નાક, જીભ વગેરે ઇન્દ્રિયો હોય છે, ને મનાદિ કરણો પણ હોય છે. જીવનમાં શ્રદ્ધા પ્રકટાવવા સદ્‌ગુરુની જીવનવર્તન કળાનું જ્ઞાન સાધકને હૃદયમાં પ્રકટે, તો સદ્‌ગુરુને ઇન્દ્રિયો હોવા છતાં એમાં જીવપણું નથી તેનું તેને જરૂર જ્ઞાન થાય.

**ગુરુ પણ સાધન છે**

જે છે તે તો કામ લેવા કાજે ઉપયોગને અર્થે છે. જેમ ડૉક્ટર કને વાઢકાપનું હથિયાર છે, તેમ ચોરડાકુ કને પણ ચાકુ હોય છે. ચોરડાકુનું ચાકુ લૂંટવાને કાજે ને મારી નાખવા કાજે છે. ડૉક્ટરનું ચપ્પુ ઉપયોગ કાજે, જીવનાં ગૂમડાં મટાડવા કાજેનું છે. ચોરડાકુનું ચપ્પુ જીવની જીવ પ્રકારની ઇન્દ્રિયો પેઠે છે. ડૉક્ટરનું ચપ્પુ દર્દ મટાડવા કાજેનું, જાગેલા જીવનું સાધન છે.

**આપણે તો જશોદામાતા જેવાં છીએ**

એક વાર ચેતનમાં જાગેલ જીવમાં તેવું જીવ પ્રકારનું સ્થૂળપણું નથી, એમ એને બુદ્ધિમાં ઊતરી શકે, ને જેને બુદ્ધિ પણ નકારી ન શકે, તેવી રીતે તે પ્રભુકૃપાબળથી નક્કરપણે જીવનના પ્રસંગોમાં બતાવી આપે છે, તે તેમની મોટામાં મોટી સત્કૃપા છે. પરંતુ આપણે બધાં તો જીવ પ્રકૃતિનાં રહ્યાં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને જશોદામાતાને પોતે તો શ્રીભગવાનનો અવતાર છે, ને પોતે ઘણી ઘણી મહત્તાવાળા છે, એવું તેમના જીવનમાંના અનેક પ્રસંગોમાં બતાવેલું, ને એમની સહજ લીલાના વર્તનમાં એમની અતિમાનવતાના અનુભવો પણ કરાવેલા, કે જેને ચમત્કાર પણ કહી શકાય; તેમ છતાં જશોદામાતાજીને તો કૃષ્ણ પોતાના નાના બાળક જ લાગ્યાં કરે. જીવનની કોઈક ધન્ય પળે તેમની મહાનતાનું જ્ઞાનભાન જાગતું, તો પાછું તેમના પરત્વેની માયા-મમતાના મોહબળથી કરીને એ આવરાઈ પણ જતાં હતાં.

**પોતાનો દાખલો**

તેમ શ્રીસદ્‌ગુરુની ઇન્દ્રિયોમાં ચેતનપણું છે કે જીવપણું છે, તે તો એવા એવા પ્રસંગમાં પ્રભુકૃપાથી મુકાયા વિના સાચી રીતે જણાય જ કેવી રીતે ? મને પણ મારા સદ્‌ગુરુનો એવો અનુભવ થયેલો, ત્યારથી જ એને હૃદયમાં પકડી રાખવાનું એની કૃપાથી કરેલું. એમના પરત્વે પ્રભુકૃપાથી સાચો પ્રેમ જાગતો રહેલો કે જેથી કરીને એમનું સ્મરણ વારંવાર કર્મ કરતાં કરતાં પ્રેમભીનું થયાં કરતું હતું. જ્યાં જ્યાં બેસાવધપણું થતું કે થવાનું બનતું ત્યાં ત્યાં એની કૃપાથી જાગ્રત થવાતું ને એની કૃપામદદ માટે હૃદયમાં પ્રાર્થના કર્યા કરવાનું તે તે કાળે સૂઝી જતું.

### સદ્‌ગુરુની કૃપામદદ ક્યારે મળે

શ્રીસદ્‌ગુરુની સાથે હૈયાનો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત સદ્‌ભાવ જાગીને એના જીવનના મૂળભાવમાં તે પરોવાઈ જાય છે, ત્યારે જ શ્રી સદ્‌ગુરુની કૃપામદદ સાધક જીવને મળતી તે અનુભવી શકે છે. તું લખે છે તે બધું ભલે ખરું હોય, પણ આપણને હજી સદ્‌ગુરુની કૃપામદદ મેળવવા કાજેની પાકી હૃદયની ગરજ લાગેલી નથી, એને વીલો મૂકતાં તો કેટકેટલી હૈયામાં કારમી વેદના પ્રકટે ! એમ પ્રત્યક્ષ ભાવના હૃદયમાં તે તે કાળે ને તેવા તેવા પ્રસંગોમાં પ્રગટ્યા વિના ને સદ્‌ગુરુની કૃપામદદ મેળવવા કાજેની ઉત્કટ ઝંખના ને તે કાજે અંતરમાં એનું ખરેખરું પ્રેમભક્તિ-જ્ઞાનયુક્ત સ્મરણ ને એની એવા પ્રકારની પ્રાર્થના હૃદયમાં જો થયાં કરે, તો સાધકજીવ પોતે એકલો નથી, એને પોતાના ગુરુની ઓથ ને હૂંફ, સહાનુભૂતિ, પ્રેરણા સદાય મળ્યાં કરતાં તે અનુભવી શકે છે. પરંતુ તે પ્રમાણે આપણે કર્યાં કરતાં હોઈએ, તો કંઈ સાચી સમજણ પડે ને ?

*('જીવનપ્રવેશ' ત્રીજી આવૃત્તિ, પૃ. ૧૭-૧૮,૨૧-૨૩)*

### સદ્‌ગુરુનો અથાગ પરિશ્રમ

આપણે જીવનને ભગવાનની ભાવનામાં પ્રગટાવવાને માટે સદ્‌ગુરુને સ્વીકાર્યા છે અને તે તેના કહેવાથી નહિ, પરંતુ આપણી પોતાની એવી અભિલાષાથી તેમની કને તેવી માગણી કરીને વિકાસને પંથે દોરવાની આપણે તેને પ્રાર્થના કરી છે. તેમ છતાં આપણે તેને અનેક વાર (માનસિકપણે) છોડી દઈએ છીએ, મૂકી દઈએ છીએ, એટલું જ નહિ પણ તેને અવગણી જીવનમાં તેની સાથે કશી પણ લેવાદેવા ના હોય તેમ વર્તવાનું કરીએ છીએ. આવું હોવા છતાં પણ તે આપણને મૂકી દેતો નથી. તે તો અનેક પ્રસંગોથી કરીને આપણને જીવનના હેતુનું ભાન પ્રગટાવવાને સહજપણે પ્રવર્ત્યા જ કરતો હોય છે.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૩૮)*

## ૮. સદ્‌ગુરુની તાલાવેલી - પૂ. શ્રીમોટા

શ્રીભગવાનની કૃપાશક્તિ નિ:સીમ અને અપાર છે, પરંતુ તે કૃપાશક્તિને અનુકૂળ જીવવાનું આપણાથી બની શકતું નહિ હોવાથી તેની કૃપાની શક્તિનો સ્વીકાર આપણાથી થઈ શકતો નથી. પ્રભુની કૃપાશક્તિને કામ કરવાનો આધાર આપણે પ્રગટાવી આપવો પડે છે. આપણા દિલમાં જીવનવિકાસ પરત્વેની ખરેખરી ભાવના જો પ્રગટેલી હોય તો તો સદ્‌ગુરુને પણ નિમિત્ત તરીકે પ્રગટાવી પ્રગટાવીને તેવી ભાવના ફળાવવામાં તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો સદુપયોગ થઈ શકે છે. પ્રભુકૃપાથી આ જીવ તો મળેલાં સ્વજનોને કેળવવા અને ઘડવાને માટે અનેક રીતે મથતો હોય છે, અને મળેલાં સ્વજન પર તે દિલમાં તાલાવેલીયુક્ત તત્પરતા અને ઝંખના જ્યારે તે જોતો નથી અથવા તે અનુભવતો નથી, ત્યારે તેના સંતાપનો પાર હોતો નથી. તે તે બધાં સ્વજન તેની કને આપમેળે તેમની પોતાની સ્વયં મરજીથી આવેલાં છે. તે કોઈને બોલાવવા ગયો નથી, અને તે તે આવેલાં છે, જીવનવિકાસના હેતુ અર્થે. તેમ છતાં તે તે સ્વજનોમાં તેમનાં તેમનાં જીવનના હેતુનું ભાન પણ તેમનાથી થતાં રહેતાં કર્મમાં પ્રગટેલું મારાથી જોવાતું નથી અને કર્મને માત્ર ઊડઝૂડિયા રીતે કરાતાં જોઈને મને કેટલો ત્રાસ થતો હશે તેની સમજણ ભાગ્યે જ કોઈ સ્વજનને પડે છે. જો જીવન કેળવવાને અર્થે મળ્યાં છો અને આવ્યાં છો, તો તેનું હવે ભાન પ્રગટાવો. તમે મને જે ભાવથી સ્વીકાર્યો છે તે ગમે તેમ યદ્વાતદ્વા વર્તો, તો પછી તમારા પર મને કેટકેટલી ઝાળ ઊઠે, તે કૃપા કરીને તમે સમજો એવી મારી તમને પ્રાર્થના છે. સ્વજનના પ્રેમભાવને આ જીવનું હું તો અણમોલું સાધન ગણું છું. એ તો મારે દિલ પ્રભુની અમોલી પ્રસાદી છે અને એવી પ્રસાદીને મારી છાતીએ, આંખે, કપાળે અને કંઠે લગાડું છું -જેમ ભક્ત ભગવાનનું ચરણામૃત લીધા કરે છે તેમ.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૭૭-૭૯)*

# ૯. સદ્ગુરુનું કાર્ય

- પૂ. શ્રીમોટા

આપણો જે સદ્ગુરુ છે તે કદી પણ આપણા એવા અહમ્‌ને રહેવા દઈ શકતો નથી. આપણા એવા અહમ્‌ના તૂટીફૂટીને ટુકડે ટુકડા થઈ જાય એવા જ્ઞાનયુક્ત સતત પ્રયત્નમાં તે જીવતોજાગતો રહેતો હોય છે. આપણા પરત્વેના તેના એવા પ્રકારના સત્પ્રયત્નથી આપણે અજાણ રહ્યા કરીએ છીએ અને તેના હેતુના ભાવને આપણે પરખી શકતાં નથી, એટલે જ આપણે તેવા ને તેવા કોરા ધાકડ રહીએ છીએ.

**અહમ્**

જીવનવિકાસમાં આડે આવનારાં જે કોઈ આવરણો છે, તેમાં અહંકાર જેવું સૂક્ષ્મ અને બળવાન બીજું કોઈ તત્ત્વ નથી. કેટલાક લોકો એને ઓળખીને પોતાનામાંથી એને કાઢવાને મથે છે અને એવા એમના પ્રયત્ન પછી કેટલીક વાર તેઓ કહે છે કે 'મારામાં હુંપદ કે અભિમાન નથી,' પરંતુ આ માત્ર તેમની ભ્રમણા છે. અહમ્‌નું તત્ત્વ બહુ મોડું ઓગળવા માંડે છે. જીવદશાનું અહમ્ જેમ નકારાત્મક છે, તેમ સાધનામાં અને સાધનાના પ્રારંભમાં જીવદશાનું ઊર્ધ્વીકરણ થવામાં અહમ્‌ને સાધક તરીકે જો લઈએ, તો તે સહાયક પણ છે. જીવનમાં અહંકારનું પ્રતિરોધક સ્વરૂપનું વર્ચસ્વ આપણે કલ્પી પણ ના શકીએ એટલી જીવનની ઊંચી કક્ષામાં પણ પ્રવર્તતું હોય છે. એને તો એટલા વધુ અને જબરા ફટકા પડે એટલા પ્રસંગોને આપણે હેતુના જ્ઞાનભાનથી સ્વીકારી લઈએ, તો અહમ્‌નું ઉન્નયન થવાને માટે તે શ્રેયસ્કર છે. અહંકાર તો નવાં નવાં રૂપો ધારણ કરે છે. જીવનની જેમ જેમ ઉચ્ચતર અને ઉચ્ચતમ કક્ષાઓ પ્રગટે છે, તે તે કાળે પણ અહમ્‌નું સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સ્વરૂપ બદલાતું રહે છે. તે તૂટી ગયેલા જેવું લાગે અને તે છિન્નભિન્ન થયેલું પણ લાગે અને તેનું માથું કપાઈ ગયેલું હોય, તોપણ તેને નવાં નવાં માથાં ફૂટે છે અને તેનો વેશ પણ જુદા જુદા પ્રકારનો થઈ જાય છે. દેખાતી નમ્રતામાં ભારેમાં ભારે અહંકાર છુપાયેલો પડ્યો હોય છે, તે પણ એક નક્કર અનુભવની હકીકત છે. અહમ્‌ની આવા પ્રકારની સૂક્ષ્મ ચાલબાજીને અને તેની કળાને સમજવી એ બહુ દોહ્યલું છે, પરંતુ ખરેખરી ભાવનાથી અને હેતુના જ્ઞાનભાનથી સાધના એકધારી થયા કરતી હોય છે અને સાધનાના ભાવની સળંગતા, અખંડતા પ્રગટે છે, ત્યારે તેમાંથી ફલિત થતો વિવેક પણ એટલો તો સૂક્ષ્મતમ પ્રગટેલો હોય છે કે જેનાથી કરીને આપણે અહમ્‌ને પકડી પાડી શકીએ છીએ અને તેને યોગ્ય પ્રકારનો વળાંક આપવામાં પણ પ્રભુકૃપાથી ફાવી શકીએ છીએ.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૩૨-૩૩)*

## 'હરિઃૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | પરાગી રાજેશ શાહ (અમદાવાદ) પહોંચ નં. ૫૩૯૯૬ | રૂ. ૨૫,૦૦૦/- |
| (૨) | ક્રાઉન ટ્રેડિંગ કંપની (અમદાવાદ) પહોંચ નં. ૫૩૯૨૮ | રૂ. ૧૧,૦૦૦/- |
| (૩) | મૃદુલાબેન એમ. મુખી (અમદાવાદ) પહોંચ નં. ૫૩૮૬૦ | રૂ. ૫૦૦/- |
| (૪) | રજનીકાન્ત કે. દલાલ (અમદાવાદ) પહોંચ નં. ૫૪૦૧૨ | રૂ. ૫૦૦/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમે આભારી છીએ.**

## ૧૦. સદ્‌ગુરુનું ઉદ્‌બોધન - પૂ. શ્રીમોટા

ત્યારે ભલાં ! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા ? કોણે તમને બોલાવ્યાં હતાં ? અને જો તમે તમારી મેળે બધાં આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં હોવ, તેને માટે સાવધ થાઓ. જીવનવિકાસ તો માગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ. જીવનવિકાસ એ કંઈ રસ્તામાં પડેલું, અથડાતું અફળાતું, એવું કોઈ ફૂલબૂલ નથી કે જે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતા જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘું જઈને કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડી પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે. અને દૂર ને દૂર દેખાય છે ! આવા પ્રકારનો જીવનવિકાસ પામવાને માટે વણનોતર્યાં તમે બધાં મારી પાસે આવ્યાં છો. અને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે, કે જીવનવિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈક જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઈ જીવે પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી આમ કે તેમ, કોઈ જાતનાં વલણો જન્માવ્યાં દીધાં વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૧૬૬-૧૬૭)*

## ૧૧. સદ્‌ગુરુનું કાર્ય અને સ્વજનોનો ધર્મ - પૂ. શ્રીમોટા

મારે તો પ્રભુકૃપાથી જે હેતુ માટે જે જે મળેલાં છે, તેમને તેમને અનેક રીતે આમ ને તેમ ઊલટાંસૂલટાં ફેરવાવી ફેરવાવીને પણ હલાવતાં કરવાનાં છે. ઊલટપાલટ થયા વિના જમીનમાં બી કદી પણ વાવી શકાતું નથી. **સદ્‌ગુરુ પરત્વેની દિલમાં દિલથી દિલની પ્રેમભક્તિ પ્રગટ્યા વિના અને તેવી પ્રેમભક્તિની તાદાત્મ્યતા પ્રગટ્યા વિના સદ્‌ગુરુ પણ આપણામાં જીવનવિકાસની ભાવનાનું બીજ વાવી શકતો નથી.** સદ્‌ગુરુની તો આપવાની અને બી રોપવાની સદાય સહજ તત્પરતાયુક્ત તાલાવેલી જ હોય છે. તેવી તાલાવેલીમાં નિરંતરતા પણ પ્રગટેલી જ હોય છે, પણ તે શું કરે બિચારો ! એની પણ કેવી કેવી લાચારી છે, તે કોણ સમજી શકે ? હું તો પ્રભુકૃપાથી અને એની કૃપાથી પ્રગટેલા આત્મનિર્ધારથી જરૂર કહી શકું છું કે **કોઈ પણ સ્વજન જીવનવિકાસ પરત્વેની ખરેખરી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રગટાવીને પોતાના આધારને પ્રપત્તિયોગને યોગ્ય શરણાગતિની સ્થિતિમાં પ્રગટાવી જુએ અને તે પછીથી તેને સદ્‌ગુરુની કેટલી અને કેવી કેવી મદદ મળે છે, તે જાતે પોતે જ અનુભવી લે.** હજી આપણે તો સાધનાની ભાવનાના પ્રકારનું કંઈ કશું મંડાણ તો કર્યું નથી, અને ઉપરથી સદ્‌ગુરુને ગોદા માર્યા કરવા છે, તે ક્યાંની વળી વાત ! સંસારવહેવારમાં પણ આપણને મળેલાં કોઈને પણ જો આપણે અમથા નકામા ગોદા મારીશું તો તે સહન કરશે કે ? અને શું તેવા પ્રકારનાં વર્તનનું પરિણામ નહિ પ્રગટે કે ?

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૧૭૩-૧૭૪)*

### ગયેલા આત્માને...

૧. અમદાવાદ નિવાસી દિનેશભાઈ બી. ચોક્સીનો દેહાંત તા. ૮-૪-૨૦૧૯ના રોજ થયેલ છે.

૨. નડિયાદ નિવાસી ધ્રુવ સુનિલભાઈ ભોઈનો દેહાંત તા. ૨૭-૪-૨૦૧૯ના રોજ થયેલ છે.

૩. નડિયાદ નિવાસી સવિતાબેન છગનભાઈ જોષીનો દેહાંત તા. ૨૬-૫-૨૦૧૯ના રોજ થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વેના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.**

આવી રીતે જ્યારે પ્રેમભક્તિથી સદ્‌ગુરુની આજ્ઞાનું આપણે પૂરેપૂરું પાલન કરીએ છીએ, ત્યારે સદ્‌ગુરુને આપણે માટે તેના દિલમાં જે ઉમળકાનો સંતોષ પ્રગટે છે, તેવો સદ્‌ગુરુનો આપણા પરનો પ્રગટેલો દિલનો સંતોષ તે આપણા જીવનનું પરમ કલ્યાણ નિપજાવનાર છે, તે પણ મારે દિલથી એક સાચેસાચી હકીકત છે. આવા પ્રકારના આજ્ઞાપાલનથી તેઓ મારા પર ખૂબ ખૂબ રાજી થયા હતા અને સંતોષ પામ્યા હતા, તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ મને બે બહુ મોટા કરંડિયાઓ આપ્યા તે છે. એક મોટા કરંડિયામાં જુદી જુદી જાતની મીઠાઈઓ ભરેલી હતી અને બીજા મોટા કરંડિયામાં જુદા જુદા પ્રકારનાં ફળો અને સૂકો મેવો હતાં. સામાન્ય રીતે રવિવારે અમે બધાં ક્યાંય બહાર જતાં નહિ, પરંતુ એક રવિવારે મને કરાંચી શહેરમાં આવેલી શાક માર્કેટ કે જ્યાંથી હું રોજ શાકભાજી ખરીદતો, તે શાક માર્કેટમાં જવાનું દિલ થયું, પરંતુ નાની બહેન તો મારી મશ્કરી કરીને મને કહે કે ‘તમને તો પેલા તમારા સાંઈબાબા બોલાવતા હશે !’ એમ કરીને મને તે દિવસે શહેરમાં તેણે જવા દીધો નહિ. તે દિવસે શ્રીસદ્‌ગુરુની હાજરીનું ભાન આખોયે દિવસે રહ્યું હતું. બીજે દિવસે સવારે સિંધિયા સ્ટીમ નૅવિગેશનની ઑફિસમાં બધાંને મૂકીને મોટર લઈને હું શાક માર્કેટમાં ગયો. પૈસાનું પાકીટ ઑફિસમાં જ રહી ગયું હતું. રોજ ને રોજ એક જ દુકાનેથી શાક લેવાનું રાખતો, એટલે શાકવાળા ભાઈએ બધું જોઈતું શાક મને આપ્યું. જ્યાં હું દરવાજેથી બહાર નીકળું છું, ત્યાં જ શ્રીગુરુમહારાજ પોતે ઊભા હતા. તેમનાં દર્શન થતાંવેંત જ હૃદયમાં એટલો બધો પ્રેમનો ફુવારો ફૂટ્યો કે મારાથી તેમને સજ્જડ વળગીને ચોંટી જ જવાયું. તેઓશ્રીએ પણ મને બહુ જ પ્રેમથી ચૂમી લીધો હતો. પછી મને કહ્યું, ‘ગઈ કાલે તારી કેટલી બધી રાહ જોઈ ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે લાવ્યો હતો, તે આખરે તારા નામ પર મેં ખેરાત કરી દીધા. હવે, આ બે મોટા કરંડિયા મેં તારે માટે રાજી થઈને પ્રસાદ તરીકે આણેલા છે, તે તું લઈ જા.’ મોટરમાં તો માય તેવા ન હતા, એટલે મજૂર કરાવીને લઈ ગયો હતો. તમે પણ તે સમયે કરાંચીમાં મારી સાથે હાજર હતા, અને આ પ્રસાદ ચાખવાની તમે મઝા માણી હતી, તે પણ તમને યાદ છે. તે પ્રસાદ કેટલા બધા દિવસ ચાલ્યો હતો ! અને કેટલાં બધાંને વહેંચ્યો પણ હતો !

### ધ્યાનમાં સદ્‌ગુરુનાં દર્શન

આ પ્રસંગ જે દિવસે બન્યો, ત્યારે બાપુએ (લેખકના વડીલે) મને કહ્યું કે ‘તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પાઈ કરીને તેમને વિદાય આપીએ.’ પરંતુ તે હાલ ક્યાં હશે અને ક્યાં રહેતા હશે તેની તો મને કશી ખબર હતી જ નહિ. આ બાબત પૂછવા કરવાનું કદી પણ મને દિલમાં ઊગી શકેલું નહિ. એટલે બાપુએ મને જણાવ્યું કે ‘તું ધ્યાનમાં જઈને શરીરનું ભાન જતું રહેવાની અને એકમાત્ર ચેતનમાં જ એકાગ્રભાવ થવાની પળ પ્રગટે અને તેનું ભાન જતું રહેવાની અણી પર હોય, તે જ પળે તેઓશ્રી ક્યાં છે તે પ્રકારનો સંકલ્પ હૃદય આધારમાં ધારણ કર એટલે તેઓશ્રી ક્યાં છે, તે તને આપમેળે જણાઈ આવશે. પછીથી તેમને તું તેડી લાવજે.’ પ્રભુકૃપાથી થયેલી સૂચનાનો સ્વીકાર કરવાનો અભ્યાસ તો ઘણા લાંબા વખતથી ચાલ્યો આવતો હતો. (આજે પણ કોઈ કંઈ સૂચના કરે છે, તો તેનું પાલન કરવાનું બની જતું હોય છે, તે તમારાં બધાંની જાણની હકીકત છે.) એટલે આપણે તો મંડ્યા ધ્યાન કરવા, અને ધ્યાનમાં તદાકારપણું પ્રગટતાં પ્રગટતાં શરીરની બેભાન થવાની લગોલગની અણીની પળે તેઓશ્રીના સ્થળના

ભાવ વિશેનો સંકલ્પ હૃદયાધારમાં એની કૃપાથી મૂકવાનું બની શક્યું હતું અને તેઓશ્રીની કૃપાથી તેમનાં દર્શન કરાંચી શહેરથી બહુ દૂર છેક દરિયાને કિનારે કિનારે તેઓ ચાલ્યા કરતા હતા, તેવી તેમની ગતિમાન સ્થિતિમાં મને થયાં હતાં. મેં તેમને ત્યારે ચા પીવા આવવાનું ભાવભીની નમ્રતાથી કહ્યું. તેમણે પોતે તે સાંભળીને કહ્યું કે ‘જો, તારે મને ચા જ પાવો છેને ? તો લે, આ હું ચા પીવું છું,’ એમ કહી પોતે ચા પીવા લાગ્યા હતા, એમ પણ મેં ધ્યાનમાં જ પ્રત્યક્ષ જોયું. આવા દર્શનની હકીકત ધ્યાનસ્થ સ્થિતિ ગયા પછી શરીરના ભાનમાં આવતાં મેં તેમને બધાંને કહી સંભળાવી હતી, તે તમને હજી પણ બરાબર યાદ છે એમ માનું છું.

***(‘જીવન દર્શન’ ૧૧મી આવૃત્તિ, પૃ. ૨૫૮-૨૬૦)***

---

**અનુસંધાન પેજ નં. ૧૨ પરથી...**

એ બધો દેખીતો થતો ત્રાસ પણ કશાક કોઈ બીજાથી નથી પણ આપણા પોતાનાથી જ તે જન્મેલો છે એ માનીને એનાં મૂળ જે જીવ પોતાનામાં જ અનુભવીને તે તે પ્રકારનાં રાગદ્વેષનાં મૂળને સંપૂર્ણપણે બાળી નાખીને, એ વૃત્તિનું લક્ષણ એકમાત્ર શ્રીભગવાનમાં જ વાળવાને મનાદિકરણથી ઉદ્યત રહ્યાં કરશે, તેવા જ જીવને ગુરુમંત્ર લીધો ઉપયોગનો છે.

### ગુરુમંત્ર કોને નકામો

ગુરુમંત્ર લીધેલા અનેક જીવો જોયા છે. એમનાં કર્મવહેવાર, સંસાર વગેરે બધું જેમનું તેમ અનુભવમાં આવે છે તેવો લીધેલો ગુરુમંત્ર તદ્દન નકામો છે. એ બધું ખાલી આળપંપાળ છે. જે જીવને પોતાના જીવનને ધરમૂળથી બદલવાની તાલાવેલી હૃદયથી જાગેલી નથી એવા જીવને ગુરુમંત્ર બિચારો શું કરી શકવાનો છે ?

***(‘જીવનપ્રવેશ’ ત્રીજી આવૃત્તિ, પૃ. ૮૬-૮૭, ૧૦૩, ૧૩૬, ૨૨૪, ૨૨૬, ૨૨૮-૨૨૯, ૨૩૨-૨૩૩)***

## ૧૩. સદ્‌ગુરુની સહન મર્યાદા - પૂ. શ્રીમોટા

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્મા જે તે બધું સહન કરી લેતા હોય છે, એવી માન્યતામાં નર્યું અજ્ઞાન ભરેલું છે. શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ અવતાર હતા. કંસે તેમના પરત્વે પૂરેપૂરું વેર રાખ્યું હતું. અમુક મર્યાદા સુધીનું તેઓશ્રી પ્રેમથી સહન કર્યે ગયા, પરંતુ તેની હદ પૂરી થતાં તેમણે કંસનો વધ કર્યો. તેવું જ જરાસંઘનું થયું અને શિશુપાળનું પણ. શ્રીરામચંદ્રે પણ રાવણનો તેવી રીતે વધ કર્યો. શ્રીભગવાને તેમનો તેમનો વધ કરેલો હોવાથી તેમના જીવનનું કલ્યાણ થઈ ગયું, એમ શ્રીમદ્ ભાગવત અને રામાયણ કથે છે ખરાં, પરંતુ તે આપણે નિશ્ચિતપણે તો જાણી શકતાં નથી. તેમાંથી નિશ્ચિતપણે જે જાણી શકીએ, એવું તો તે જ છે, કે તેમનો વધ થયો. સદ્‌ગુરુ પણ તેવી રીતે બધું આપણું સહન જ કરી લેશે તેવું તો કૃપા કરીને કદી માનશો નહિ. આપણે તેના પર કરેલું દોષારોપણ આપણને પોતાને જ વિશેષ હેરાન કરનારું થઈ પડવાનું છે, તે પણ નક્કર હકીકત છે. આપણે તેના વિશે જે જે કંઈ અન્યથાપણે વિચારતાં હોઈશું, તેવું તેવું તે તો તેવી રીતે સ્વીકારી લેતો હોતો નથી, એટલે તેના પરત્વેની જાગેલી આપણી વૃત્તિઓ તેની કનેથી પાછી ફરીને આપણા પોતાનામાં જ પાછી પ્રવેશે છે અને આમ દ્વિગુણિત ત્રિગુણિત થઈને તેનું જોશ વિશેષપણે પણ પકડી શકે એવી ઊંધા પ્રકારની શક્યતાને આપણે પોતે જ પોતાથી કરીને જન્માવતાં હોઈએ છીએ. આવી ઊંધા પ્રકારની રમત આપણે રમ્યા કરીએ છીએ, અને એથી કરીને આપણે પોતે જ પોતાના પગ ભાંગતા હોઈએ છીએ, તેનું ભાન પ્રગટાવવાને તમારા પરત્વેની પ્રેમભાવનાથી પ્રેરાઈને આ તમને લખું છું.

***(‘જીવન દર્શન’ ૧૧મી આવૃત્તિ, પૃ. ૧૭૫-૧૭૬)***

# ૧૪. સદ્‌ગુરુએ ધોધ વાળ્યો

- પૂ. શ્રીમોટા

પ્રભુકૃપાથી આ માર્ગમાં જવા માટે મને તો કોઈ પણ પ્રકારની તમન્ના કે જિજ્ઞાસા જુવાનીની છેક શરૂઆતમાં તો પ્રગટેલી ન હતી. તે માટેની કશી ઝંખના પણ ન હતી, પરંતુ જેમ ભૂગર્ભમાં પેટ્રોલ હોય છે, તો જ તેમાંથી તે નીકળી શકે છે, તેવી રીતે મને દેશની સેવા પ્રત્યે ભારે ધૂન હતી અને તે પણ અત્યંત ગરીબાઈ હોવા છતાં. બીજે ઠેકાણે સારી આવકની નોકરીની જોગવાઈ પૂરેપૂરી થઈ શકે એમ હતું તે છતાં, સેવાનાં ક્ષેત્રનાં કામમાં જ વળગી રહેલો હતો, એટલું જ નહિ પરંતુ ગરીબાઈની તંગીની ભીંસથી અથવા તો મારી બા મને તેને કારણે મહેણાંટોણાં મારે અને તેથી કરી લાગણીવશ થઈ જવાય તેથી કદાચ બીજી નોકરી સ્વીકારી લઉં એમ લાગવાથી હાથમાં ગંગાજળ લઈને જિંદગીભર સેવા કરવાનું જ વ્રત લીધું હતું, કે જેથી વધારે પૈસા કમાવાની લાલચમાં પડી શકાય નહિ, તે તો આગળ લખ્યું જ છે. **મતલબ કે મારામાં કોઈ એક ક્ષેત્ર પરત્વેની ખરેખરી પ્રમાણિકતા અને વફાદારીવાળો ભાવનાનો ધોધ હતો જ. તે ધોધને ગુરુમહારાજે સાધનાનાં ક્ષેત્રમાં વાળી આપ્યો.** જે ક્ષેત્રનું આપણે કામ કરવાનું છે, તે ક્ષેત્રનું તે કામ કરવા માટેની આપણી લાયકાત પણ હોવી જોઈશે. લાયકાત વિના કંઈ કશું બની શકવાનું નથી. એ લાયકાત કેળવી પણ શકાય છે, પરંતુ તે ત્યારે જ બની શકે કે જ્યારે આપણાં મન અને દિલ તે પરત્વે ખરેખરી ભાવનાથી વળેલાં હોય અને મન અને દિલ વળેલાં હોય, તો તે પણ કંઈ જણાવ્યા વિના થોડાં જ રહે ?

### સદ્‌ગુરુની લાલ આંખ

મારે તમને બધાંને નાસીપાસ તો કરવાં નથી, પરંતુ મારે તમને આપણે બધાં કેવાં છીએ, તેનું ભાન તો પ્રભુકૃપાથી કરાવવું જ જોઈએ. **આપણે જે કામ હાથમાં લીધું છે, તે કરવાની ખરેખરી દાનત, ખંત, ઉદ્યોગ, તે પરત્વેનો ઉત્સાહ વગેરે વગેરે દાખવતાં આપણને હું ના જોઉં, ત્યારે શું મારે હાથ જોડીને બેસી રહેવું ? જે રસ્તે જવાનું છે, તેનું જ ભાન તમને બધાંને ભૂલી જતાં જોઈને મારું ચાલે તો તમારે ગળે ટૂંપો દઈને પણ તમને તે ભાન પ્રગટાવું. ખરી રીતે તો તમારે બધાંએ પોતે જાતે થઈને આવી બાબતમાં જાગ્રત થવું ઘટે અને ચાનક પ્રગટાવવી જોઈએ. તે તે બધું ના થતું હોય, ત્યારે જો હું તમારાં બધાં પર લાલચોળ આંખ કરું, ત્યારે તમે તો ઊલટું મારા પર દોષ ઢોળો છો. અરે ! જો ખરેખર મારું ચાલે તો ધગધગતો લોઢાનો લાલચોળ રસ તમારાં બધાં પર ઢોળું, કારણ કે આપણે બધાં આપણી જાતને છેતરી રહેલાં છીએ, તે મારાથી કદી પણ સહ્યું જતું નથી.** પ્રભુકૃપાથી મેં મારી જાતને પુરવાર કરી આપીને તમારાં બધાં આગળ ખુલ્લી મૂકેલી છે. કોઈકને ત્યાં આપણે નોકરી રહ્યા હોઈએ અને જો તે કામ બરાબર ના કરીએ, તો શું તે આપણને એમ ને એમ બેસાડી રાખશે કે ? તે તો તરત જ વિદાય કરી દેશે. ત્યાં તે કંઈ તમારી ભૂલો અને દોષો સહન કરી લેશે નહિ. અમે તો સાફસાફ ચોખ્ખે ચોખ્ખું કહીએ છીએ કે કર્મની બાબતમાં અમે કંઈ કશું આડુંઅવળું કોઈનું સહી લઈશું નહિ. જો તમને ખરેખરી મારા પરત્વે ભાવના કે પ્રીતિ પ્રગટેલી હશે, તો તેનાથી પ્રેરાઈને પણ તમે યોગ્ય થવાને મથી શકશો. ઊલટું મને પોતાને તો તેનાથી કરીને તમારી પર પ્રીતિ અને ભાવના કેવી અને કેટલીક છે તે પણ મને પ્રભુકૃપાથી સમજાઈ જવાનું છે. તમે બધાં જે કામને માટે આવ્યાં છો, તે કામ જ જો કરી ના શકતાં હોવ, તો પછી ખાલી ખાલી વેશ કાઢવાનો અર્થ શો ? અને ખાલી ખાલી બકરીના આંચળની પેઠે વળગવાનો પણ શો અર્થ ? માટે, હવે તો કૃપા કરો.

*('જીવન દર્શન' ૧૧મી આવૃત્તિ, પૃ. ૨૬૩-૨૬૫)*

**મા નર્મદાએ તવ દેહ ઝીલી સંસારને ભેટ અપૂર્વ દીધી;**
**મોટા ! તમે જીવનસિદ્ધિ પામ્યા ને ખીલવ્યાં જીવન કૈં જનોનાં. ૨૪**

**મા નર્મદાએ તવ દેહ ઝીલી[ને] સંસારને અપૂર્વ ભેટ દીધી. [હે] મોટા ! તમે જીવનસિદ્ધિ પામ્યા ને કૈં [કેટલાય] જનોનાં જીવન ખીલવ્યાં.**

શ્રીમોટાને અસાધ્ય એવો ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો. આ રોગથી કંટાળીને શ્રીમોટાએ એકવાર ગરુડેશ્વરની ટેકરી પરથી નર્મદા નદીમાં પડતું મૂક્યું, પરંતુ તેમનો ચમત્કારિક બચાવ થયો. આ પ્રસંગને વર્ણવતા શ્રીમોટા કહે છે : ‘‘નર્મદામૈયાના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો તેનું તાદૃશ્ય ભાન અત્યારે પણ છે. તેનું જીવંત ચિત્ર હજુ સુધી પણ ખડું થાય છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈ અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ માતા જેવું નહોતું, તે દર્શન અલૌકિક પ્રકારનું હતું. તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે : 'By His grace I am ment for something." શ્રીમોટા કહે છે : ‘‘તે દર્શન માત્ર Halucination ન હતું.’’ તે દર્શનમાંથી શ્રીમોટાને પ્રેરણા ઉપરાંત સાહસ, સહનશીલતા, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પ્રગટ થઈ, એ દર્શનના અનુભવથી શ્રીમોટાના જીવનનું વહેણ આપોઆપ બદલાયું.

આ ઘટના પછી શ્રીમોટાના જીવનમાં સૌ પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો અને નર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું. આ ‘નર્મદાગીત’ને વસંતતિલકા છંદમાં ફરીવાર ગોઠવીને ‘નર્મદાપદે’ શીર્ષકથી શ્રીમોટાએ એની પુનઃરચના કરી. ઍમ. ઍસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ડીન રહી ચૂકેલા સ્વ. ડૉ. અરુણોદય જાનીએ લખ્યું છે : ‘‘ભારતીય દર્શન દરેક પદાર્થને ત્રણ સ્વરૂપે વર્ણવે છે. આધિ ભૌતિક, આધિ દૈવિક અને આધ્યાત્મિક. શ્રીમોટાએ નર્મદામૈયાનાં આ ત્રણેય સ્વરૂપનાં દર્શન કરી, તેમને સારી રીતે ઓળખી તેમનું સરળ અને સુગમ ભાષામાં આ સ્તોત્રમાં વર્ણન કર્યું છે. આ સ્તોત્રમાં પૂ. શ્રીમોટાની ભગવાનની દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત, વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત જોઈ શકાય છે.’’

આ ઘટના પછી નર્મદા કિનારે વસતા એક સાધુ બાબાએ આપેલા ‘હરિઃૐ’ મંત્રના જપથી છ મહિનામાં તેમનો પેલો અસાધ્ય રોગ દૂર થયો. તેઓને મંત્રજાપમાં શ્રદ્ધા પ્રગટી, આત્મોન્નતિ માટેની તાલાવેલી લાગી. બાળયોગીજી મહારાજ, સાંઈબાબા, ઉપાસની બાબા અને કેશવાનંદજી દાદા જેવા સંતો તેમના પથપ્રદર્શક બન્યા. રાષ્ટ્રીય લડતમાં જોડાઈને જેલવાસ ભોગવનારા શ્રીમોટા જુદી જુદી કઠોર સાધનાઓ અને ગુણવિકાસની ભારે કઠિન પ્રક્રિયાઓમાંથી પસાર થયા અને અંતે પોતાના આત્માની ઓળખ કરી લીધી. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી લીધી.

શ્રીમોટાને નીરવતાનો સાક્ષાત્કાર ઈ.સ.૧૯૩૦માં, દ્વૈતનો સાક્ષાત્કાર ઈ.સ. ૧૯૩૪માં અને અદ્વૈતનો સાક્ષાત્કાર ઈ.સ.૧૯૩૯માં થયો. શ્રીમોટા કહે છે : ‘‘બસ ભાઈ, એ પછી જ મુક્તિની દશા પ્રવર્તી છે. I am omnipresent ‘હું સર્વત્ર વિદ્યમાન છું’ એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.’’ ઈ.સ. ૧૯૨૪માં વસંતપંચમીના દિવસે દીક્ષાથી આરંભાયેલી શ્રીમોટાની આત્મખોજની સાધના ઈ.સ. ૧૯૩૯માં રામનવમીના શુભદિને આત્માનુભવમાં પરિણમી.

ભટ્ટ સાહેબ લખે છે : ‘‘મોટા ! તમે જીવનસિદ્ધિ પામ્યા, ને ખીલવ્યાં જીવન કૈં જનોનાં.’’ ભટ્ટ સાહેબની આ પંક્તિઓને સ્પષ્ટ કરવામાં દક્ષિણેશ્વરના શ્રી રામકૃષ્ણ પરમહંસ આપણી મદદે આવે છે. તેઓ કહે છે : ‘‘મુક્ત પુરુષો - સંતો - જ્ઞાનીજનો બે પ્રકારનાં હોય છે. એક તેઓ પોતે તરી જાય છે, પરંતુ બીજાને તારતા

નથી. જ્યારે બીજા કેટલાક મહાત્માઓ એવા હોય છે કે પોતે તો તરી જાય છે, પામી જાય છે, સાથે સાથે તેમના આશ્રયે આવેલા, તેમને શરણે આવેલા અનેક જીવદશાવાળા જનોને શ્રેયના માર્ગે લઈ જઈને તારે છે, સંસારના બંધનમાંથી મુક્ત કરાવે છે. ઠાકુર સ્વયં આનું ઉદાહરણ આપતાં કહે છે કે જેવી રીતે એક લાકડું પાણીમાં પોતે તરે ખરું પરંતુ બીજાને ન તારી શકે. જ્યારે કોઈ મોટું લાકડું કે હોડી પોતે તો પાર ઉતરે પણ બીજાને પણ પાર ઉતારે.

આત્માનુભૂતિ પછી શ્રીમોટાનું જીવન એ નિમિત્તોનું જીવન રહ્યું હતું. આ નિમિત્તજીવન એટલે તેઓશ્રીના અગાઉના જન્મોના જીવનના અનેક જીવો સાથેના સંબંધવાળું જીવન. આવા અનેક જીવોને ભગવાન પ્રત્યે અભિમુખ કરવાના એક માત્ર હેતુથી શ્રીમોટાએ વિલક્ષણ વહેવારો કર્યા છે. શ્રીમોટા કહે છે : ''અનુભવી નિમિત્ત દ્વારા પોતાની કામગીરી બજાવે છે, અનુભવી કર્મ દ્વારા અનેક જીવોના સંપર્કમાં આવતો હોય છે. જેમ ચેતન સર્વત્ર ફેલાયેલું છે તેમ અનુભવી જુદા જુદા જીવોમાં નિમિત્ત દ્વારા ફેલાય છે... જ્યાં નિમિત્ત મળે ત્યાં ત્યાં અનુભવી કાર્ય કરે છે.''

•

**અપૂર્ણતા આ જનની અનંત જાણો તમે, તો પણ હે સમર્થ !**
**કારુણ્યભાવે નીરખી કૃપાળુ ! આ ખીલવો જીવનપુષ્પ મારું. ૨૫**

**હે સમર્થ ! આ જનની [= મારી] અનંત અપૂર્ણતા તમે જાણો [છો], તો પણ [હે] કૃપાળુ ! [મને] કારુણ્યભાવે નીરખી[ને] મારું આ જીવનપુષ્પ ખીલવો.**

**હો શુક્લમાર્ગે ગતિ નિત્ય મારી, તમિસ્રપંથે નવ હો કદાપિ,**
**આ માર્ગમાં જે પ્રતિકૂળતાઓ તેને કૃપાથી પ્રભુ હે ! નિવારો. ૨૬**

**મારી ગતિ નિત્ય શુક્લમાર્ગે હો, કદાપિ તમિસ્રપંથે [અંધકારના માર્ગે] નવ હો. આ માર્ગમાં જે પ્રતિકૂળતાઓ [આવે] તેને હે પ્રભુ ! કૃપાથી નિવારો.**

**મને સહારો પ્રભુ ! આપનો છે એનાં પ્રમાણો મળતાં રહે છે,**
**પરંતુ મારું મન ધૈર્ય ચૂકે, હજીય ના નિર્ભય તે બને છે. ૨૭**

**[હે] પ્રભુ ! મને આપનો સહારો છે એનાં પ્રમાણો મળતાં રહે છે, પરંતુ મારું મન ધૈર્ય ચૂકે [છે] [તેથી] તે હજીય નિર્ભય ના બને છે.**

**સ્વ-રૂપને ઓળખી ના શકે જે કદીય ના નિર્ભય થાય છે તે;**
**ના રાગ ને દ્વેષ સમૂળ જાય સ્વ-રૂપ તો ના કદી ઓળખાય. ૨૮**

**જે સ્વરૂપને [= પોતાના આત્માને] ઓળખી ના શકે તે કદીય નિર્ભય ના થાય છે; [પરંતુ જો] રાગ અને દ્વેષ સમૂળ ના જાય તો સ્વ-રૂપ કદી ના ઓળખાય.**

આ શ્લોકોમાં ભક્તનું આત્મનિવેદન છે. પોતાની અપૂર્ણતાઓનો સ્વીકાર છે. ગુરુદેવનો સહારો હોવા છતાં ધીરજનો અભાવ છે. પોતાના સાચા સ્વરૂપની બૌદ્ધિક જાણકારી હોવા છતાં દેહાધ્યાસ - 'હું શરીર છુ' એવો અધ્યાસ છૂટતો નથી. ભય અને રાગદ્વેષ અધ્યાત્મપથની યાત્રામાં અવરોધરૂપ બનેછે. સીધા, સરળ લાગતા આ આત્મનિવેદનમાં-પ્રાર્થનાની આ પંક્તિઓમાં કેટલાક મુદ્દા-કેટલીક બાબતો એવી હોય છે કે જેનો વિસ્તારથી વિચાર કરવો પડે. આત્મનિવેદનની મહત્તા, સમર્પણ, અભયની અનિવાર્યતા, રાગદ્વેષમાંથી છૂટકારો થતાં આ માર્ગમાં જરૂરી ધીરજ-ધ્યેયની વિચારણા મહાપુરુષોનાં વાક્યકુસુમો દ્વારા કરીશું.

**આત્મનિવેદન :** ભટ્ટ સાહેબની પ્રાર્થનામાં આત્મનિવેદન અને સમર્પણ કેન્દ્રસ્થાને રહે છે. પૂ. શ્રીમોટા પણ આત્મનિવેદન પર ખૂબ ભાર મૂકે છે. તેઓની સાધનાનું મહત્ત્વનું અંગ આત્મનિવેદન રહ્યું હતું.

આત્મનિવેદન સાધકે શા માટે કરવું જોઈએ ? તેની સમજૂતી આપતાં શ્રીમોટા લખે છે : ''સાધનાના ગાળામાં જીવ પ્રકારનો અનેક જાતનો મળ ઉપર તરી આવવાનો છે [માયાની ત્રણ શક્તિઓ છે : આવરણ-શક્તિ, વિક્ષેપ-શક્તિ અને મળ-શક્તિ. આવરણ સત્‌ના પ્રકાશ પર પડદો નાખે છે. વિક્ષેપ દ્વારા તે સત્‌ના સ્થાને અસત્‌નું નિરૂપણ કરે છે અને મળ દ્વારા જીવોમાં પાપ અને અશુભ કર્મોને પ્રેરિત કરે છે.] એવા કાળની તે દશામાં તણાઈ જઈને આપણને કંઈ કંઈ અન્યથા પ્રકારનું વિચારવાનું બને છે. ત્યારે જો સંપૂર્ણ જાગૃત કે યોગ્ય પ્રકારના વિવેકવાળા ન રહી શક્યા તો અથડાઈ પણ પડીએ. આપણે નિખાલસ એકરાર કરીએ એટલું આપણે કાજે બસ નથી. આત્મનિવેદનમાંથી તો શુદ્ધિ પ્રગટ્યા કરે ને તેમાંથી શક્તિ પ્રગટતી જાય છે. આત્મનિવેદન તો ભક્તિનું મોટામાં મોટું સાધન છે. સાચા દિલથી થયેલું આત્મનિવેદન જીવનમાં બળ પ્રગટાવે છે. અને જે બાબતનું આત્મનિવેદન થઈ શક્યું હોય તે બાબત ફરીથી ન બનવા માટે આપણને જાગૃત રખાવે છે. આત્મનિવેદનથી પ્રેરકબળ મેળવી લેવાની કળા સાંપડે છે.

આ સંદર્ભમાં શ્રી અરવિંદાશ્રમનાં ડિવાઈન મધરે બહુ જ સુંદર વાત કરી છે : ''જ્યારે જ્યારે તમારામાં રહેલાં દોષ, અશક્તિ, સમજનો અભાવ, દુર્બળતા, સચ્ચાઈનો અભાવ, તમારી પ્રગતિનો અવરોધ કરનારું જે હોય તે - એમાંથી જે કાંઈ તમારી નજર પર તરી આવે ત્યારે ત્યારે જાણે કે કોઈ આશ્ચર્યજનક ખજાનો ખૂલ્યો હોય એમ સમજવું... કારણ કે તમારી પ્રગતિને રોકનારી ઘણી વસ્તુઓમાંની એક તમારી પકડમાં આવી ગઈ ત્યારે તેને બહાર ખેંચી લાવો.'' શ્રીમોટા કહે છે : ''આત્મનિવેદન દ્વારા સંપૂર્ણપણે ખાલી થઈ ગયા વિના ચેતનની પ્રતિષ્ઠા થઈ શકવાની નથી. તે પણ નક્કર હકીકત છે.''

આત્મનિવેદનના ફાયદા પણ પૂ. શ્રીમોટાએ વર્ણવ્યા છે. ટૂંકમાં કહીએ તો સૂક્ષ્મ વિચારો કે જે સાધનાના માર્ગમાં અવરોધ બને તેવા હોય તેને નબળા પાડે છે. આત્મનિવેદનથી હળવાપણું અનુભવાય છે. પોતાના લક્ષ્યનું ભાન રહે છે. અને / અથવા જાગૃત થાય છે. સાચું આત્મનિવેદન જીવનને પલટાવી નાંખવામાં પ્રચંડ શક્તિ-વેગ પૂરો પાડે છે.

**અભય :** શ્રીમોટા કહે છે : ''પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થવું શક્ય નથી.'' પોતાનું ઉદાહરણ આપતાં તેઓ કહે છે : ''અભય કેવો અને કેટલો કેળવાયો છે તે જોવા માટે હું પોતે કૉંગ્રેસ મહાસભાનો સભાસદ ન હોવા છતાં રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું મેં ઝંપલાવ્યું હતું. તથા ખસ્યા વિના કે ભાગ્યા વિના લાઠીમાર પ્રેમભાવે સહન કરી લીધો હતો.'' ડિવાઈન મધર કહે છે : ''એકવાર યોગસાધનાનો તમે માર્ગ લીધો એટલે તમારે ભયનો ત્યાગ કરી દેવો જોઈએ. મનના, પ્રાણના અને શરીરના પૂટેપુટમાં રૂંવેરૂંવે રહેલ શારીરિક ભયનો પણ તમારે સમૂળગો ત્યાગ કરવાનો છે. યોગસાધનામાં જે ફટકા તમને પડે છે તેનો એક હેતુ તમારામાંથી સર્વ પ્રકારના ભયને દૂર કરવાનો પણ છે.

ભયનાં કારણો તમારા પર ધસારો કરે છે પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી તેમની સામે તમે મુક્ત, ઉદાસીન, અનાસક્ત અને શુદ્ધ થઈને ઊભા ન રહી શકો... જેને પોતાની પ્રકૃતિનું રૂપાંતર કરવું છે અને સાધનાનો માર્ગ અનુસરવો છે તેણે પોતાની પ્રકૃતિનાં સર્વ કરણોમાં અલિપ્ત રહીને અક્ષુબ્ધતા પ્રાપ્ત કરવી જોઈએ.'' શ્રીમોટા કહે છે : ''મને મારા ગુરુ મહારાજના આશીર્વાદથી અભય પ્રાપ્ત થયો છે. જીવનની નક્કરતા અને જીવંત વાસ્તવિકતા આવશ્યક છે. અભય ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે માણસને પોતાના સ્વ-રૂપની પહેચાન થવા લાગે છે.'' આથી જ ભટ્ટ સાહેબ લખે છે : ''સ્વ-રૂપને ઓળખી ના શકે જે, કદીય ના નિર્ભય થાય તે.''

**રાગદ્વેષ :** ''ના રાગ ને દ્વેષ સમૂળ જાય, સ્વ-રૂપ તો ના કદી ઓળખાય.'' શ્રીમોટા કહે છે : ''રાગ અને દ્વેષ જીવનને જીવદશાથી અને પ્રકૃતિની માયાથી બદ્ધ કરે છે. જીવદશાની વૃત્તિને બહેકાવે છે અને જીવનને નિમ્નકક્ષાની વૃત્તિ સાથે ચોંટાડી દે છે.'' ''કોઈના પ્રત્યે, વસ્તુ પ્રત્યે, પરિસ્થિતિ પ્રત્યે રાગ કે આસક્તિ હોય

અને / અથવા દ્વેષ હોવો - આ બન્નેના પાયામાં અહમ્ કારણભૂત હોય છે. રાગદ્વેષનું મૂળ પણ અહમ્ જ છે અને રાગદ્વેષ દ્વારા એ અહમ્ વધુ ફૂલેફાલે છે, બળવાન બને છે.'' આ અહમ્ દ્વૈતભાવ પેદા કરનારો છે અને તે પરમતત્વથી ભિન્નતા સર્જે છે. આથી જ ભટ્ટ સાહેબ લખે છે : ''સ્વ-રૂપ તો ના કદી ઓળખાય.''

ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં રાગદ્વેષની વાત કરવામાં આવી છે. ઇન્દ્રિયોને પોતપોતાના વિષયો વિશે રાગદ્વેષ રહેલો જ છે. [એ ધ્યાનમાં રાખીને] મનુષ્યે તે રાગદ્વેષને વશ થવું ન ઘટે, કેમ કે તે બન્ને મનુષ્યના શત્રુ છે. આ રાગદ્વેષ મનુષ્યના કલ્યાણમાર્ગના વિરોધી છે. શ્રીમોટા શ્રેયાર્થી અને રાગદ્વેષની વાત કરતાં લખે છે : ''શ્રેયાર્થી માટે રાગદ્વેષ મોળા પાડ્યા સિવાય જીવનશ્રેય સાધવું મુશ્કેલ છે. રાગદ્વેષને સંપૂર્ણપણે નિર્મૂળ કરવા માટે ધગધગતી જ્વાળામુખી જેવી જિજ્ઞાસા હોવી જોઈએ. જીવનધ્યેય પ્રત્યે અખંડ, જીવંત, ચેતનાત્મક અભ્યાસ ભાવના પ્રગટાવવી એ રાગદ્વેષને જીવનમાંથી સંપૂર્ણ ટાળવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે.''

શ્રી વિમલાબહેન ઠકાર કહે છે : ''ઋણાનુબંધ રાગદ્વેષને કારણે બંધાય છે. કોઈ પ્રત્યે આપણને વિશેષ રાગ થાય તો એની સાથે એ રાગ જીવવાનું કર્મ આપણે બાંધીએ છીએ. કોઈ પ્રત્યે દ્વેષ થાય તો એની સાથે આપણે વેરનું કર્મ બાંધીએ છીએ. સંબંધ તો મુક્તિના અવસર છે. એ તમને મુક્ત પણ કરે છે, એ તમને બાંધે પણ છે. તમે સંબંધને બંધન માનશો નહિ. સંબંધો રાગદ્વેષ વચ્ચે લાવ્યા વગર સમભાવે જીવી જવાય તો જે વાસનાને કારણે જન્મ લેવો પડ્યો છે તેનું નિર્મૂલન થઈ જાય છે. ચિત્ત અરીસા જેવું નિર્મળ બની જાય છે. પછી આત્માને પ્રગટ થવા માટે કોઈ અવરોધબળ રહેતું નથી, ત્યારે આત્મતત્ત્વનું દર્શન થાય છે.'' ''રાગદ્વેષ વિહીનતા એ જ કૈવલ્ય છે, એ જ મુક્તિ છે.''

**ધૈર્ય-ધીરજ :** ભટ્ટ સાહેબ લખે છે : ''ગુરુદેવનો સહારો છે તથા તેનાં પ્રમાણો પણ મળતાં રહે છે, છતાં ધૈર્ય કે ધીરજ રહેતાં નથી.'' શ્રી ભટ્ટ સાહેબ શ્રીમોટારચિત 'નિમિત્ત' પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે : ''શ્રેયના માર્ગે જવા પ્રયત્નશીલ શ્રેયાર્થી પરાજય પામે છતાં પણ તેણે ધીરજપૂર્વક [પ્રેય અને શ્રેય વચ્ચેના] ઉગ્ર દૈવાસુર સંગ્રામ સામે ઝઝૂમવાનું હોય છે. જેને 'Dark night of the soul' કહે છે તેમાંથી પસાર થવાનું હોય છે અને આ થયા પછી અંતે તે ભગવાનને આર્તનાદનો પોકાર અને ભગવત્-કૃપાથી આત્મશ્રેયનું પોતાનું ધ્યેય હાંસલ કરે છે.''

ધૈર્યના સંદર્ભમાં શ્રી અરવિંદે બહુ જ સુંદર વાત કરી છે : ''એ તો નક્કી છે કે ભગવાન માટેની તીવ્ર અભીપ્સા તમને પ્રગતિ સાધવામાં મદદ કરે છે. તેમ છતાં ધીરજ પણ જરૂરી છે, કેમ કે એક બહુ મોટું પરિવર્તન કરવાનું છે, અને જબરજસ્ત વેગની ક્ષણો આવી શકે, તેમ છતાં હંમેશા એવું નથી હોતું. કેમ કે જૂની વસ્તુઓ શક્ય એટલી વધુ ચીટકી રહેવાનો પ્રયાસ કરતી હોય છે. નવી આવી રહેલી વસ્તુઓને હજી વિકસવાનું બાકી હોય છે અને તેમને આત્મસાત્ કરતાં તેમજ પ્રકૃતિમાં સહજ બનાવતાં ચેતનાને વાર લાગે છે... ભાગવતી કૃપા વિશે કોઈ શંકા જ ન હોઈ શકે. એ પણ સંપૂર્ણપણે સાચું છે કે જો માણસ નિષ્ઠાવાન હશે તો તે ભગવાનને પામવાનો, પરંતુ તેનો અર્થ એવો નહિ કે તે તરત જ સહેલાઈથી અને વિના વિલંબે પામી જશે. તમારી ભૂલ ત્યાં થાય છે – તમે – ભગવાનને એક મુદત બાંધી આપો છો, પાંચ વર્ષ, છ વર્ષ અને ત્યાં સુધી પરિણામ ન આવે એટલે શંકા કરો છો. મનુષ્ય કેન્દ્રમાં નિષ્ઠાવાન હોઈ શકે અને છતાં તેનામાં ઘણી બધી વસ્તુઓ હોઈ શકે જે તમને સાક્ષાત્કાર શરૂ થતાં પહેલાં બદલવાની જરૂર હોય.''

આવી જ વાત શ્રી વિમલાબહેન ઠકારે પણ કરી છે. તેઓ કહે છે : ''અધીરતા - ચંચળતા આધ્યાત્મિક ખોજનો દુશ્મન છે, તે મોટે ભાગે તાત્કાલિક પરિણામ પામવાની મનોવૃત્તિ માટે આતુર હોય છે, મગજની મદદથી કંઈક જ્ઞાન મેળવ્યા પછી એને પચાવવામાં, એ સમજણોનો અનુભવ કરવામાં સમય જાય છે. નૈતિક જીવન ધૈર્યની અપેક્ષા રાખતું હોય તો આધ્યાત્મિક કક્ષાએ તો ધૈર્યની અપેક્ષા ખૂબ વધુ છે.'' *(ક્રમશઃ)*

## ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી

- **૧૫-૦૭-૨૦૧૯ સોમવાર** — **ગુરુપૂર્ણિમા નિમિત્તે આગલી રાત્રિની હરિઃૐ ધૂન**
  સાંજે ૬-૩૦ થી ૭-૩૦ પ્રસાદ
  રાત્રિના ૮-૦૦ કલાકથી સવારના ૫-૦૦ સુધી હરિઃૐ ધૂન ત્યાર બાદ
  સવારના ૮-૦૦ કલાક સુધી વિરામ
- **૧૬-૦૭-૨૦૧૯ મંગળવાર** — **ગુરુપૂર્ણિમા**
  સવારે ૭-૩૦ થી ૮-૦૦ અલ્પાહાર
  સવારે ૮-૦૦ થી ૧૦-૩૦ પ્રાર્થના, નામસ્મરણ, ભજન, આરતી
  સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦ ગુરુવંદના - અર્પણ વિધિ
  સવારે ૧૧-૦૦ થી મહાપ્રસાદ

## પૂજ્ય શ્રી મોટાના અવતરણદિન ઉત્સવની ઉજવણી

- **૨૨-૦૯-૨૦૧૯ રવિવાર** — **પૂજ્યશ્રી મોટાનો ૧૨૨મો અવતરણદિન (ભાદરવા વદ ચોથ, તા. ૧૮-૦૯-૨૦૧૯)**

**ઉત્સવના યજમાન સર્વેશ્રી**

**દર્શિનીબેન જગતભાઈ કોન્ટ્રાક્ટર અને પલ્લવીબેન પંકજભાઈ મિસ્ત્રી**

સંયુક્ત રીતે અવતરણદિન ઉત્સવની ઉજવણી કરશે.

•

**સ્થળ**

**શ્રી બી. ડી. રાવ હૉલ, ભૂયંગદેવ ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ**

વધુ વિગત હવે પછીના અંકમાં વિગતવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.



## ગુરુ-માહાત્મ્ય

(અનુષ્ટુપ)

સ્થૂળ દેહ ગુરુ ના છે સૂક્ષ્મથી સૂક્ષ્મભાવ શો !
ગુરુના જીવને જ્યારે ભળશો તો પિછાનશો.
ગુરુની ચેતના-શક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.
ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવન-સાધના જેઓ કરે તે જાણશે ખરું.
ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું !
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ.
મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યાં કરી,
ઠસાવો જીવને ઊંડી જેથી તે તો ફળે નકી.

(‘જીવનપરાગ’ પાંચમી આવૃત્તિ, પૃ. ૨૮૫)

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**



## ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં.
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના,
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા !
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના.
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના.
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL